# એકમ–5 માહિતી સ્રોતો : વર્ગ પ્રમાણે / વર્ગ આધારિત

## INFORMATION SOURCES : CATEGORISATION

: રૂપરેખા :


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 માહિતી સ્રોતો અને માહિતી સંસાધનો : તફાવત

5.3 માહિતી સ્રોતો : શ્રેણીઓ

5.3.1 માહિતી સ્રોતો તેના પ્રકાર પ્રમાણે

5.3.2 માહિતી સ્રોતો તેના વિષયવસ્તુ પ્રમાણે

5.3.3 માહિતી સ્રોતો તેના માધ્યમ પ્રમાણે

5.4 સારાંશ

5.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

5.6 ચાવીરૂપ શબ્દો

5.7 સંદર્ભો અને વિશેષ વાચન


## 5.0 ઉદ્દેશો (OBJECTIVES) :

આ એકમનાં અધ્યયન બાદ તમે આ બાબતથી સક્ષમ બનશો :

- ❖ માહિતી સ્રોતો અને સાધનસામગ્રી વચ્ચેનો તફાવત કરી શકશો.
- ❖ માહિતી સ્રોતોના પ્રકાર, વિષયવસ્તુ અને માધ્યમ આધારિત વર્ગોને જાણશો.
- ❖ વિવિધ પ્રકારના માહિતી સ્રોતોનાં વિષયવસ્તુનો ખ્યાલ મેળવી શકશો.
- ❖ પ્રશ્નોના ઉત્તર આપવા માટે સાચા માહિતી સ્રોતોમાંથી માહિતી મેળવી શકશો; અને
- ❖ માહિતી સ્રોતોનો ઉપયોગ કરવા માટે આત્મવિશ્વાસ અને નિપુણતાનો વિકાસ થશે.

### 5.1 પ્રસ્તાવના (INTRODUCTION) :

આપણે સૌ જાણીએ છીએ કે માહિતી ઉત્પન્ન થતી રહે છે અને તે માહિતી મોટા જથ્થામાં નોંધાતી રહે છે. આ નોંધાયેલી માહિતીને પ્રક્રિયા દ્વારા સંગઠીત કરી, જ્યારે જરૂર હોય ત્યારે પુનઃપ્રાપ્તિ તેમજ તેનો ફેલાવો કરવામાં આવે છે. માહિતીની જાળવણી માટે આ પગલાં લેવામાં આવે છે.

સમાચાર પત્રો, રેડિયો અને ટેલિવિઝન પ્રસારણ, ઇ-મેઇલ, ફેક્સ વગેરે દ્વારા માહિતીની આપ-લે થતી રહે છે. આ બધું એ હકીકતોની સાક્ષી પૂરે છે કે દુનિયામાં દરેક ક્ષણે માહિતી ઉત્પન્ન થાય છે.

માહિતીનો સંગ્રહ એ નોંધાયેલી માહિતીની લાક્ષણિકતા છે. આ માહિતી હજારો વર્ષો સુધી સંગ્રહાયેલી રહે છે. અશોક ($3^{rd}$ Century BC)નાં રાજ્ય વખતના બુદ્ધના ઉપદેશો જે પત્થરો પર નોંધાયેલા હતા, તે આજે પણ ઉપયોગી બને છે અને તે સમયની મૂલ્યવાન માહિતી પૂરી પાડે છે. અત્યાર સુધી એકઠી થયેલી માહિતીના જથ્થાનો સંચય એ મૂંઝવી નાંખનારો હોય છે. દા.ત. Chemical Abstracts 1907માં શરૂ થયું અને તેમાં આજદિન સુધી માહિતીસંચયના કરોડો દસ્તાવેજોનો સાર રૂપે સમાવેશ થયેલ છે. આતો ફક્ત એક જ ઉદાહરણ છે, બધા જ વિષયોમાં ઘણાં બધાં દસ્તાવેજો વિશાળ પ્રમાણમાં સચવાયેલાં છે.

એવી પણ વિચિત્રતા જોવા મળે છે કે વણનોંધાયેલી માહિતી પણ અસ્તિત્વ ધરાવે

છે. હજારો વર્ષોથી વેદો 'શ્રુતિ' (સાંભળવું) અને 'સ્મૃતિ' (સ્મરણ શક્તિ) દ્વારા અસ્તિત્વ ધરાવે છે. ઘણાં કુટુંબો પોતે અનુભવ, વ્યવહારો દ્વારા મેળવેલ જ્ઞાન, તેમના વંશજોને આપતા હોય છે. આ પ્રક્રિયા પેઢીઓ સુધી ચાલ્યાં કરે છે. આમ વણનોંધાયેલી માહિતી, વણનોંધાયેલું જ્ઞાન જીવિત રહે છે.

દસ્તાવેજો સિવાય પણ બીજા સ્રોતો જેવાં કે સંસ્થાઓ અને સંગઠનો અને બુદ્ધિમાન વ્યક્તિઓ પાસેથી આપણે માહિતી મેળવી શકીએ છીએ.

## 5.2 માહિતી સ્રોતો અને માહિતી સંસાધન : તફાવત (INFORMATION SOURCES AND INFORMATION RESOURCES : DIFFERENCE)

**માહિતી સ્રોતો (Information Sources) :** માહિતી સ્રોત એટલે એવા સ્રોત જ્યાંથી આપણને માહિતી મળી શકે. આ સ્રોતોમાં દસ્તાવેજો, સંસ્થાઓ અને સંગઠનો અને વ્યક્તિઓનો સમાવેશ થાય છે. દા.ત. શબ્દનો અર્થ જાણવા, આપણે શબ્દકોશનો ઉપયોગ કરીએ છીએ; કોઈ ચોક્કસ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓનો સંપર્ક કરે છે; લગ્નની તારીખ નક્કી કરવા લોકો ધર્મગુરુની સલાહ લે છે. માહિતી સ્રોત શબ્દને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન સાથે સંબંધ છે, ખાસ કરીને ગ્રંથપાલો અને માહિતી વિજ્ઞાનીઓ માહિતી સ્રોતો સાથે સંબંધ ધરાવે છે.

**માહિતી સંસાધનો (Information Resources) :** ખાસ કરીને આ શબ્દ માહિતી અને સંદેશા-વ્યવહાર ટેકનોલોજી, વિશેષતઃ માહિતી વ્યવસ્થાપન સાથે સંબંધ ધરાવે છે. કેટલીકવાર માહિતી વ્યવસ્થાપનનો 'માહિતી સાધનસામગ્રી વ્યવસ્થાપન' તરીકે ઉલ્લેખ થાય છે. Schneyman (1985) એ માહિતી વ્યવસ્થાપનમાં પાંચ પ્રકારની માહિતી સાધનસામગ્રીનો સમાવેશ કર્યો છે. એ સાધનસામગ્રીઓ જેમાં કોમ્પ્યૂટર અને દૂરસંદેશા વ્યવહાર સહિતની પદ્ધતિઓ; ડેટા છાપ (image) વગેરેની પ્રક્રિયા, પ્રતિકૃતિઓ વગેરે; પરિવર્તિત અને રૂપાંતરિત પ્રતિનિર્માણ (Reprographic) સહિતની નેટવર્કવ્યવસ્થાપન અને દૂરસંદેશા વ્યવહાર સહિતનું વિતરણ અને માહિતી આપ-લે; અને અંતમાં માહિતી પ્રાપ્તિ, સંચય અને પુનઃપ્રાપ્તિ; જે ગ્રંથાલયો, પ્રલેખન કેન્દ્રો, ફાઇલ વ્યવસ્થા અને આંતરિક અને બાહ્ય ડેટાબેઝ (Feather and Stranges 1977)

**તફાવત (Difference) :** આ બંને ખ્યાલો વચ્ચેનો તફાવત સ્પષ્ટ જણાય છે કે માહિતી સ્રોતોનો ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન સાથે અને માહિતી સંસાધનોનો માહિતી અને સંદેશાવ્યહાર ટેકનોલોજી સાથે સંબંધ ધરાવે છે. જે માહિતી સંસાધનો ફક્ત એક પેટા વર્ગ માહિતી સ્રોતનું સ્વરૂપ બનાવે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

1 માહિતી સ્રોત અંગે તમે શું સમજ્યા છો ? માહિતી સ્રોતની બે વિશાળ શ્રેણીનો ઉલ્લેખ કરી અને દરેક શ્રેણીનાટ ઉદાહરણ આપો.

**નોંધ :** i) તમારો ઉત્તર નીચે આપેલ જગ્યામાં લખો.

ii) એકમના અંતે આપેલ ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 5.3 માહિતી સ્રોતો : શ્રેણીઓ (INFORMATION SOURCES : CATEGORIES)



માહિતી સ્રોતો પ્રકાર, વિષયવસ્તુ અને માધ્યમને આધારે શ્રેણીબધ્ધ કરી શકાય છે. અહીં પહેલાં આપણે તેમને પ્રકાર આધારે વિભાજીત કરીશું. તે પછી વિષયવસ્તુ અને માહિતી આપનારા માધ્યમ દ્વારા પ્રકાર આધારિત વિભાજીત કરતાં આપણને બે પ્રકારના સ્રોતો, પ્રલેખીય અને બીનપ્રલેખીય સ્રોતો પ્રાપ્ત થાય છે. ઈન્ટરનેટ પણ માહિતી પ્રાપ્ત કરવાનાં શક્તિશાળી સ્રોત તરીકે વિકાસ પામી રહ્યું છે. આપણે તેને એક ખાસ શ્રેણી તરીકે ધ્યાનમાં લેવું જોઈએ.

### 5.3.1 માહિતી સ્રોતો પ્રકાર આધારિત (Information Sources by Type)

**માહિતીના પ્રલેખનીય સ્રોતો (Documentary Sources of Information)**

દસ્તાવેજ સ્વરૂપ ધરાવતા બધા જ સ્રોતો પ્રલેખીય સ્રોતો છે. 'પ્રલેખ' શબ્દનાં મૂળ અર્થ ઉપરાંત હાલના સમયમાં ઘણો જ બદલાવ જોવા મળે છે. અને પુસ્તકો, સામયિકો, હસ્તપ્રતો, વિડિઓટેપ, કોમ્પ્યૂટર ફાઈલ્સ અને ડેટાબેઝના વિપુલ જથ્થાનો તેમાં સમાવેશ થયેલ છે. પ્રલેખીય સ્રોતોની પસંદગીયુક્ત યાદી નીચે આપેલ છે :

- **પુસ્તકો :**
    - પ્રબંધો
    - લઘુપુસ્તક / મોનોગ્રાફ
    - પાઠ્યપુસ્તકો
- **સંદર્ભ પુસ્તકો**
    - શબ્દકોશો
    - વિશ્વકોશ
    - હસ્તપુસ્તિકાઓ
    - પરિચયપુસ્તિકાઓ
    - તથ્યો આધારિત પુસ્તકો (Data book)
    - સૂચિપત્રકો
    - વાઙ્મયસૂચિઓ
    - માર્ગદર્શિકાઓ
    - વાર્ષિકી
    - પંચાગ
    - જીવનચરિત્ર કોશ
    - નકશાપોથીઓ
    - ભૌગોલિક કોશ / સ્થળવર્ણન કોશ (Gazetters)
    - માર્ગદર્શિકાઓ (પ્રવાસ માટેની)
    - ઐતિહાસિક માહિતી સ્રોતો

હસ્તપ્રતો

સામયિકો

એકસ્વાધિકાર

માનકો

મહાનિબંધ

પરિસંવાદ પ્રલેખો (Conference document)

સ્મૃતિ અંકો (Sourenirs)

સ્મરણિકાઓ

તકનીકી અહેવાલ

વહીવટી અહેવાલ

મુસાફરી અહેવાલ (Trip Report)

લેખો (લોકપ્રિય, તાંત્રિક/તકનિકી, સંશોધન, મુદ્રણ પૂર્વેના, પુનઃમુદ્રિત લેખો)

રોજનીશી

પત્રો

ઓફિસ ફાઈલ

સીડીરોમ રેકોર્ડિંગ

વિડિઓ રેકોર્ડિંગ

ડેટાબેઝ

કોમ્પ્યૂટર ફાઈલ્સ

પ્રયોગશાળા નોંધપોથી

નકશાઓ

પૃથ્વીનો ગોળો, વગેરે.

હવે આપણે અહીં આપેલી યાદીના પ્રલેખોની ચર્ચા કરીશું. તમે તમારા BLISના અભ્યાસક્રમમાં તેમાંના ઘણાનો અભ્યાસ કર્યો હશે. અહીં આપેલી ચર્ચા/વિગતો તમારી યાદશક્તિને તાજી કરશે અને શક્ય છે કે અગાઉ શીખવામાં ના આવ્યું હોય તેવું કંઈક નવીન પણ શીખવા મળશે. સ્રોતોનું સવિસ્તાર આલેખન કરતી વખતે સૌ પ્રથમ તેની વ્યાખ્યા સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીશું, ત્યારબાદ એક કે બે ઉદાહરણ આપીશું અને અંતે તે જે માહિતી પૂરી પાડે છે તે વિષે તમને કહીશું.

**પ્રબંધો (Treatises)**

પ્રબંધ એટલે કોઈ ચોક્કસ વિષયનું લાંબું/દીર્ઘ અને ગંભીર લખાણ છે. (Horn by, 2000) દાત. 'A Treatises On Heat' by M.N. Saha અને B.N. Srivastava (4th ed.1958) એ ઉચ્ચતર અભ્યાસુઓ માટે ગરમીની માહિતી પૂરી પાડતો પાયાનો સ્રોત છે. તે જ રીતે 'Prolegomena to Library Classification' by S.R. Rangnathan (Madras Library Association, 1937) એ પણ વર્ગીકરણ સૈદ્ધાંતિક માટે પ્રબંધ સ્વરૂપે છે. અને તે વિષયની માહિતી મેળવવાનો એક નિશ્ચિત પાયાનો સ્રોત છે. પ્રબંધને દ્વિતીય કક્ષાના માહિતી સ્રોત તરીકે ગણવામાં આવે છે.

**લઘુપુસ્તક/મોનોગ્રાફ (Monographs)**

મોનોગ્રાફ એ કોઈ એક વિષયનો, વિષય વર્ગનો અથવા તો વ્યક્તિનો સામાન્ય રીતે વાઙ્મયસૂચિ સાથેનો અભ્યાસ રજૂ કરે છે. કેટલાંક પ્રકાશકો આ પ્રકારના મોનોગ્રાફની સીરીઝ બહાર પાડે છે. મોનોગ્રાફ એ જે-તે વિષયનું એકંદરે આબેહૂબ ચિત્ર રજૂ કરે છે. અને તેનો ઉપયોગ સામાન્ય વ્યક્તિ પણ કરી શકે છે. દાત. S.C. Roy Monograph on the Gur Industry of India (New Delhi : ICAR, 1951); અને D.N. Tewary Monograph on Educalyptus (Dehradun : Surya Pub; 1992)

**પાઠ્યપુસ્તકો (Text books)**

પાઠ્યપુસ્તક એ એવું પુસ્તક છે જે અભ્યાસના ચોક્કસ વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા વપરાતો પ્રમાણભૂત ગ્રંથ છે. [Random House] આપણી અભ્યાસની

સમગ્ર કારકિર્દી દરમ્યાન આપણે વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવા પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરીએ છીએ. વિદ્યાર્થી અવસ્થામાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો જ્ઞાન મેળવવાનો મહત્ત્વનો સ્રોત હોય છે. શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીના શિક્ષકો પણ તેમના જ્ઞાનને અદ્યતન રાખવા, વર્ગની નોંધ તૈયાર કરવા, સંદેહોની સ્પષ્ટતા કરવા અને એવી જ અનેક બાબતો માટે પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરે છે. કેટલાંક પાઠ્યપુસ્તકો જેવાં કે Gray's Anatomy એ વિષયનાં પ્રમાણભૂત સંદર્ભસ્રોત તરીકે ઉપયોગમાં લેવાય છે.



**સંદર્ભ પુસ્તકો (Reference Books)**

તમે તમારા BLISના અભ્યાસક્રમમાં વિવિધ સંદર્ભ પુસ્તકો વિશે અભ્યાસ કરેલ છે. તેમાંના કેટલાંક સંદર્ભ પુસ્તકોનો પ્રશ્નોના ઉત્તર મેળવવામાં ઉપયોગ પણ કર્યો હશે. અમે અહીં તેમનું ખૂબ ટૂંકમાં વર્ણન કરીશું.

**શબ્દકોશો (Dictionaries)**

તમે જાણો છો તે પ્રમાણે શબ્દકોશ એ 'કોઈ ભાષાના શબ્દોની વર્ણાનુક્રમ યાદી છે અને તેનો અર્થ શું છે તે સૂચવે છે અથવા બીજી ભાષાનો શબ્દ આપે છે.' [Hornby] આ વ્યાખ્યા ખાસ કરીને સામાન્ય શબ્દકોશ માટે છે. સામાન્ય શબ્દકોશ એકભાષી, દ્વિભાષી અથવા બહુભાષી હોઈ શકે. એકભાષી શબ્દકોશમાં શબ્દકોશ જે ભાષામાં તૈયાર થયેલો છે તેના શબ્દોના અર્થ, સમજૂતી વગેરે મળે છે. દાત. Longman Dictionary in Contemporary English (3rd ed, 1995) માં તમને શબ્દોની માહિતી અંગ્રેજીમાં મળશે. દ્વિભાષી શબ્દકોશ જેવાં કે Everyman's Dictionary [English-Bengali] (1999 ed.) માં તમને અંગ્રેજી શબ્દોના અર્થ બંગાળીમાં મળશે. જ્યારે The Collins German Dictionary : German-English/English German માં તમને જર્મન શબ્દોનો અર્થ અંગ્રેજીમાં અને એથી ઊલટા ક્રમમાં અંગ્રેજી શબ્દોનો અર્થ જર્મનમાં મળશે. કેટલીકવાર એક જ શબ્દના ત્રણ અથવા વધુ ભાષામાં અર્થ બતાવતા શબ્દકોશ પણ તમે જોઈ શકશો. આ પ્રકારના શબ્દકોશ બહુભાષી શબ્દકોશ કહેવાય છે. દાત. (Elesvier's Dictionary of Library Science, Information and Documentation (2nd ed, 1976) એ અંગ્રેજી/અમેરિકન, ફ્રેંચ, સ્પેનિશ, ઇટાલિયન, ડચ અને જર્મન એમ છ ભાષાનો શબ્દકોશ છે. દ્વિભાષી અને બહુભાષી શબ્દકોશો ભાષાંતરકારો વારંવાર ઉપયોગ કરે છે. આના લીધે તે ભાષાંતરકારના શબ્દકોશ કહેવાય છે.

શબ્દકોશના ક્ષેત્રમાં તફાવત હોય છે. બૃહદ અથવા વ્યાપક શબ્દકોશો મોટાભાગે ભાષાના બધા જ શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો વગેરેને આવરી લે છે. દાત. Webster's Third New International Dictionary of the English Language (2nd ed, 1971) ની બૃહદ આવૃત્તિમાં લગભગ 4,50,000 જેટલી નોંધોનો સમાવેશ થયેલો છે.

બીજી બાજુ The Concise Oxford Dictionary (8th ed, 1990) ની ટેબલ આવૃત્તિમાં આશરે 1,20,000 જેટલી નોંધો અને 1,90,000 જેટલી વ્યાખ્યાઓનો સમાવેશ થયેલો છે. ખિસ્સાકોશ આનાથી પણ વધુ નાના હોય છે.

ચોક્કસ વિષયને આધારિત શબ્દકોશને વિષય શબ્દકોશ કહેવામાં આવે છે. આ શબ્દકોશો મોટેભાગે વિષય નિષ્ણાંતો, વિદ્યાર્થીઓ વગેરે દ્વારા ઉપયોગમાં લેવાય છે. Harrold's Librarian's Glossary (7th ed, 1996) આ પ્રકારનો શબ્દકોશ છે. તેમાં લગભગ 9,000 જેટલી નોંધો છે અને તેનો ઉપયોગ ગ્રંથપાલો, દસ્તાવેજકારો, માહિતીવિજ્ઞાનીઓ, ગ્રંથપાલ અને માહિતી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ અને એવા બધા દ્વારા થાય છે. વિષય શબ્દકોશોમાં પણ દ્વિભાષી અને બહુભાષી હોય છે. L.I. Callaham દ્વારા રચિત Russian English Chemical and Politechnical Dictionary [3rd ed, 1975] એ દ્વિભાષી વિષય શબ્દકોશ છે. M. Feutry દ્વારા રચિત English German-French Dictionary એ બહુભાષી વિષય શબ્દકોશ છે.

એવાં બીજા પ્રકારના શબ્દકોશો છે જેમાં પારિભાષિક કોશ (Glossary) રૂઢિપ્રયોગ શબ્દકોશ (Dictionaries of Phrases) સ્લૅંગ (Slangs), સમાનાર્થી (Synonyms), વિરુદ્ધાર્થી (antonyms) અને સમાન રૂપવાળા પણ ભિન્ન અર્થવાળા શબ્દકોશ (Homonyms) અને તેવા બીજાનો સમાવેશ થાય છે.

**પર્યાયકોશ (Thesauri)**

પર્યાયકોશ ખરેખર તો શબ્દકોશ નથી. એ તમને શબ્દોના અર્થ, સમજૂતી, વ્યાખ્યા વગેરે આપતા નથી. બીજી બાજુ એ તમને કોઈ ચોક્કસ સંદર્ભ માટે કયો શબ્દ વધુ અનુરૂપ છે તે કહે છે. આના લીધે પર્યાયકોશની આ પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવે છે આના લીધે પર્યાયકોશની આ પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવે છે. 'એવાં શબ્દોની યાદીવાળો ગ્રંથ જેમાં સમાનાર્થી શબ્દોનો સમૂહ અને તેને સંબંધિત વિચારોનો સમાવેશ થયેલ હોય છે.' [Pearsall] અંગ્રેજીમાં પહેલો પર્યાયકોશ Peter Mark Roget દ્વારા સંપાદિત કરવામાં આવ્યો અને Roget's Thesaurus ના નામથી પ્રચલિત બન્યો. આપણે અને તેને સામાન્ય પર્યાયકોશ (General Thesaurus) કહી શકીએ. બીજા પ્રકારનો પર્યાયકોશ માહિતી પુનઃપ્રાપ્તિ પર્યાયકોશ (Information Retrival Thesaurus - IR Thesaurus) તરીકે જાણીતો છે. માહિતી પુનઃપ્રાપ્તિ પર્યાયકોશ એ વર્ણાનુક્રમે ગોઠવેલ શબ્દોની યાદી છે અને જેમાં વિસ્તૃત શબ્દ (Baroader term) (BT), સંકુચિત શબ્દ (Narrow term) (NT) સંબંધિત શબ્દ (Related term) (RT), ઉપયોગ માટે (Use for) (UT) વગેરે રીતે શબ્દોનો સંબંધ તેને સંબંધિત બીજા શબ્દો સાથે દર્શાવેલ હોય છે. Thesaurofacet અને Classaurus એ માહિતી પુનઃપ્રાપ્તિ પર્યાયકોશનું ભિન્ન સ્વરૂપ છે. આ પર્યાયકોશો સામાન્ય રીતે નિર્દેશીકરણ, ડેટાબેઝમાંની માહિતી પુનઃપ્રાપ્તિ વખતે શબ્દોના નિયંત્રણના ઉપયોગ માટે થાય છે.

**વિશ્વકોશો (Encyclopaedias)**

તમે બધાએ વિશ્વકોશનું થોડું ઘણું જ્ઞાન BLISના અભ્યાસક્રમ દરમ્યાન મેળવેલું છે. તમે એ પણ ધ્યાનમાં લીધેલ હશે કે વિશ્વકોશમાં થોડી લીટીઓથી લઈ સોથી પણ વધુ પાનાં ધરાવતા વૈવિધ્ય સભર માહિતીપ્રદ લેખોનો સમાવેશ થયેલ હોય છે. સામાન્ય વિશ્વકોશ શ્રેણી, વિષય અને ઉપયોગકર્તાને આધારે વિભાજીત થયેલ હોય છે.

એક જ ખંડ ધરાવતા ઘણા વિશ્વકોશો છે જેમ કે The New Webster's International Encyclopedia આ વિશ્વકોશની 1996માં પ્રકાશિત થયેલ આવૃત્તિમાં 17,000 જેટલી નોંધો, 7,000 જેટલી આડનોંધો, 3,800 થી વધુ રંગીન ચિત્રો અને નકશા વિભાગનો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓ અને સામાન્ય વાચકો માટે તૈયાર કરવામાં આવેલ છે.

બહુખંડીય (Multi Volumes) વિશ્વકોશ પણ ઘણાં બધા છે. The New Encyclopedia Britanica (15$^{th}$ ed, 1985) એ બૃહદ/બહુખંડીય વિશ્વકોશનું એક ઉત્તમ ઉદાહરણ છે. તે 32 ખંડોમાં છે અને 4200થી પણ વધુ લંબાણપૂર્વકના લેખોનો Micropaediaમાં સમાવેશ થયેલોં છે. આ પણ 10,000 જેટલી ટૂંકનોંધો Macropaediaમાં સમાવેશ થયેલોં છે. આ પણ એક સામાન્ય વિશ્વકોશ છે અને તેમાં જ્ઞાનની બધી જ વિદ્યાશાખાના લેખોનો સમાવેશ થયેલ છે.

**વિષયલક્ષી વિશ્વકોશો (Subject Encyclopaedia)** પણ ઘણાં બધા છે. વિષયલક્ષી વિશ્વકોશ કોઈ ચોક્કસ વિષયને જેમ કે ભૌતિકવિજ્ઞાન અથવા એક

કરતાં વધારે વિષયોને જેમ કે વિજ્ઞાન અને ટેક્નોલોજીને સંબંધિત હોય છે. આમાંના કેટલાંક વિશ્વકોશ એકખંડીય હોય છે અને કેટલાંક બે અથવા વધારે ખંડોમાં હોય છે. McGraw- Hill Encyclopedia of Science and Technology (8th ed, 1997) બહુખંડીય વિશ્વકોશ છે. તે 20 ખંડોમાં છે અને તેમાં 8,000 જેટલાં લેખોનો સમાવેશ થયેલ છે.

The Encyclopedia of Physics (3rd ed, 1985) એ એક ખંડીય વિશ્વકોશ છે, જેમાં આશરે 250 જેટલાં વિદ્વાનોએ 300 જેટલાં સારી રીતે લખાયેલા લેખો છે.

બાળકો માટેનાં વિશ્વકોશ પણ તૈયાર કરવામાં આવેલા છે. આ વિશ્વકોશમાં લખવામાં આવેલ લેખો બાળકોને સમજાય એટલે સરળ ભાષામાં તૈયાર કરવામાં આવેલા છે. જેમાં અઘરા શબ્દોની સાદી સમજૂતી અને લેખને સમજવા સરળ પડે તે માટે અને જ્યાં જરૂર પડે ત્યાં સફેદ-કાળા અને રંગીન ચિત્રો મૂકવામાં આવેલા છે. Children's Britanica (4th ed, 1988) એ બાળ વિશ્વકોશ માટેનું એક સરસ ઉદાહરણ છે. તેના 20 ખંડોમાં 4200 જેટલાં લેખોને 5000 જેટલાં ચિત્રો અને 1500 જેટલી આકૃતિઓ દ્વારા સમૃધ્ધ કરી મૂકવામાં આવેલાં છે.

**હસ્તપુસ્તિકાઓ (Handbooks)**

હસ્તપુસ્તિકાઓની સંતોષકારક વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. Harrod's Librarians Glossary (1995) માં હસ્તપુસ્તિકાને વિશિષ્ટ વિષયનો સ્પષ્ટપણે સમજાવતો પ્રબંધ છે, આજકાલ સરળ પરંતુ વિષયનું બધી રીતે નિરૂપણ કરેલ હોય અને હાથવગું હોય તેટલા નાના સ્વરૂપમાં હોય પરંતુ એ પુસ્તક ચોકસાઈપૂર્વક મૂળ તો વ્યવસાયિકો માટે તૈયાર થયેલ હોય અને હંમેશા ઉપયોગી બને છે. અને સંદર્ભ પૂરા પાડે છે, જેને પરિચય પુસ્તિકા (Manual) પણ કહેવામાં આવે છે.

આપણે એ જોઈ ગયા છીએ કે પ્રબંધ એ ગંભીર પ્રકારના લખાણનો ગ્રંથ છે અને તે વિશેષ અભ્યાસુઓ માટે હોય છે, બીજી બાજુ હસ્તપુસ્તિકાઓ વ્યવસાયિકો માટે તૈયાર કરેલ હોય છે અને તેમાં સૂત્રો, વ્યાખ્યા, આધારભૂતતા, વગેરે જે વ્યવસાયિકોને જરૂર હોય છે તે આપેલા હોય છે. આના કારણે હસ્તપુસ્તિકાની ક્યારેય પ્રબંધ સાથે સરખામણી થઈ શકે નહીં. હસ્તપુસ્તિકાની વ્યાખ્યા પરિચય પુસ્તિકા સાથે સરખાવી શકાય. આપણે તેમનું અલગથી વિવરણ કરીશું અને જોઈશું કે તે જુદા છે.

તે નોંધવું જોઈએ કે સામાન્ય હસ્તપુસ્તિકાઓ હોતી નથી. હસ્તપુસ્તિકા હંમેશા કોઈ વિષય અથવા વિષયોને સમર્પિત હોય છે. હસ્તપુસ્તિકાને ઓળખવા માટે તમારે તેની અનુક્રમણિકા જોવી અને શોધવું કે તે શું છે. દાત. Machinery's Handbook (23rd ed, 1988). તે 2500 થી પણ વધુ પાનાં ધરાવે છે અને તેમાં ગણિતશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, પદાર્થનું બળ, પદાર્થના ગુણધર્મો, ઉપયોગો અને પદાર્થની ગુણવત્તા, પરિણામ, જાડાઈનું પ્રમાણભૂત માપ, ઓજાર અને ઓજાર બનાવટ, યંત્રક્રિયા, બનાવટની પ્રક્રિયા, જોડાણો, તાર અને તાર પરોવવાની પ્રક્રિયા, સરસામાન, Spelines and Cams, યંત્રમાં ઘર્ષણ ઘટાડનાર ભાગો અને મશીનના બીજા ઘટકો, અને માપન એકમો વગેરે જેવા પ્રકરણોનો સમાવેશ થયેલ છે. આ પુસ્તક મીકેનીકલ એન્જિનિયર, ડિઝાઈનર, મેન્યુફેક્ચર એન્જિનિયર, ડ્રાફ્ટમેન, સાધનો બનાવનાર અને યંત્ર ચલાવનાર માણસો, જેવાને તેમના રોજબરોજના કાર્યમાં જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડે છે.

**પરિચય પુસ્તિકાઓ (Manuals) :**

પરિચય પુસ્તિકાઓ 'એવું પુસ્તક છે કે જે યંત્રનો ઉપયોગ કેવી રીતે કરવો, તેની માહિતી આપે છે' [Longman] આ ખૂબ જ સ્પષ્ટ છે, જેથી હસ્તપુસ્તિકાઓ માટે બીજી કોઈ ગેરસમજ થવાની શક્યતા નથી. છતાં પણ વ્યાખ્યા સંકુચિત રીતે અપાયેલી છે. પરિચય પુસ્તિકાઓ ફક્ત યંત્રોના ઉપયોગની જ માહિતી આપતી નથી, પરંતુ બીજી અનેક બાબતોની માહિતી પણ પૂરી પાડે છે. દાત. Manual Of Online Search Strategies (1988)એ આપણને ડેટાબેઝ શોધવા માટેની માહિતી પૂરી પાડે છે. Manual of Map Reading and Land Navigation

(2nd ed, 1989) આપણને નકશા કેવી રીતે વાંચવા/સમજવા જોઇએ અને જમીન સંચાલન ઉપયોગ કરવા માટેની માહિતી પૂરી પાડે છે.

**તથ્યો/ડેટા આધારિત પુસ્તકો અને કોઠાઓ (Databooks and Tables) :**

આંકડાશાસ્ત્રીય અને હવામાનશાસ્ત્રીય પ્રકાશનોમાં મોટાભાગે ડેટા કોઠાઓના સ્વરૂપે આપેલા હોય છે. વાર્ષિકીઓ, હસ્તપુસ્તિકાઓ વગેરેમાં પણ વિપુલ પ્રમાણમાં માહિતી કોષ્ટકનાં રૂપે આપવામાં આવેલી હોય છે. International Critical Tables Numerical Data, Physics, Chemistry and Technology માં ફક્ત સંખ્યાકીય/આંકડાકીય માહિતી આપેલી છે. આપણે સૌ જાણીએ છીએ કે ભારત સરકાર દર દસ વર્ષે દેશની વસ્તી ગણતરીનો કાર્યક્રમ કરે છે. છેલ્લે વસ્તી ગણતરીની કામગીરી 2011માં કરવામાં આવેલી. જેમાં માહિતી ભેગી કરવા અને ગણતરી કરવા હજારો લોકો સંકળાયેલા રહે છે. એક વખત કેન્દ્રીય રીતે માહિતીની પ્રક્રિયા થાય છે. પછી હજારો કોઠાઓનો સમાવેશ કરતાં સેંકડો ખંડો વસ્તી ગણતરીના પ્રકાશનના રૂપે પ્રકાશિત થાય છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા દર વર્ષે હવામાન શાસ્ત્રીય માહિતી અંગેના પ્રકાશનો ઘણી મોટી સંખ્યામાં બહાર પાડવામાં આવે છે. રેલવે ટાઇમટેબલ Trains at a Glance પણ કોષ્ટક સ્વરૂપે માહિતી પૂરી પાડે છે.

**સૂચિ પત્રો (Catalogues) :**

તમે જાણો છો કે ગ્રંથાલય સૂચિ એ પુસ્તકો, સામયિકો વગેરેની ગ્રંથાલય કે ગ્રંથાલયો દ્વારા તૈયાર કરાયેલી એક પદ્ધતિસરની યાદી છે. કેટલીક સૂચિઓ તો એક કરતાં વધારે ખંડમાં હોય છે. દાત. The British Library General Catalogue of Printed Books to 1975 એ 360 ખંડોમાં છે. લાઇબ્રેરી ઓફ કોંગ્રેસના 31 જુલાઈ 1942 સુધીના પ્રીન્ટેડ કાર્ડ The Catalogues of Books 167 ખંડોમાં છે. આ સૂચિમાં દુનિયાભરનાં લાખો પુસ્તકોની વાઙ્મયસૂચિગત માહિતી પ્રાપ્ત થાય છે.

**વાઙ્મયસૂચિઓ (Bibliographies)**

વાઙ્મયસૂચિએ કોઈ તર્કસંગત ક્રમમાં ગોઠવાયેલ પ્રલેખોની યાદી છે. વાઙ્મયસૂચિમાં નોંધોની જે માહિતી પ્રાપ્ત થાય છે તેમાં લેખક, શીર્ષક, આવૃત્તિ, સહકર્તા/સહયોગીઓ, પ્રકાશન વિગતો વગેરેની માહિતી પ્રાપ્ત થાય છે. તે જ રીતે વાઙ્મયસૂચિમાં બધા જ પ્રકારના પ્રલેખોની જરૂરી માહિતીનો સમાવેશ થાય છે.

દુનિયામાં વાઙ્મયસૂચિના અનેક પ્રકારો જોવા મળે છે, જેમ કે સાર્વત્રિક વાઙ્મયસૂચિ (Universal Bibliography), રાષ્ટ્રીય વાઙ્મયસૂચિ , પસંદગીયુક્ત વાઙ્મયસૂચિ (Selective Bibliography), વિષય વાઙ્મયસૂચિ (Subject Bibliography), જીવનચરિત્ર વાઙ્મયસૂચિ (Bio- Bibliography), લેખક વાઙ્મયસૂચિ (Author Bibliography) વાઙ્મયસૂચિઓની અને વાઙ્મયસૂચિ Bibliography of Bibliography. સાર્વત્રિક વાઙ્મયસૂચિ Universal Bibliography નું સ્વપ્ન હજી હકીકત બનવાનું બાકી છે. તેમ છતાં ઉપર સૂચિમાં ઉલ્લેખ કરેલ વિશાળ ગ્રંથાલયની પ્રકાશિત સૂચિ એ સાર્વત્રિક સૂચિને મળતો આવતો વિચાર છે. રાષ્ટ્રીય વાઙ્મયસૂચિ

એ વ્યાપક રીતે કોઈ દેશમાં પ્રકાશિત થયેલ પુસ્તકોની નોંધ છે. કેટલીક વાઙ્મયસૂચિ નવા અસ્તિત્વમાં આવતા સામયિકો ના પ્રથમ અંક અને બીજા કેટલાંક પ્રલેખોની પણ નોંધ હોય છે. British National Bibliography (1950) આ પ્રકારની વાઙ્મયસૂચિનું ખૂબ સરસ ઉદાહરણ છે. વ્યાપારિક વાઙ્મયસૂચિ એ પુસ્તકોનો વેપાર કરતી સંસ્થાઓ દ્વારા બહાર પાડવામાં આવે છે, અને તેમાં મુખ્યત્વે દેશમાં અથવા અનેક દેશોમાં પ્રકાશિત થતાં પુસ્તકોની નોંધ હોય છે. દાત. Cumulative Book Index (1898) એ દુનિયાભરમાં અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થતાં પુસ્તકોની યાદી છે. Books in Print (1948-)માં યુનાઇટેડ સ્ટેટમાંથી પ્રકાશિત થતાં અંગ્રેજી પુસ્તકોની નોંધ હોય છે. પસંદગીયુક્ત વાઙ્મયસૂચિમાં કોઈ ચોક્કસ માપદંડને આધારે પસંદ થયેલાં પુસ્તકોની નોંધ હોય છે. દાત. Asa Don Dickinson's World's Best Book : Homer to Hemingway (1953)માં ફક્ત એવા પુસ્તકોનો સમાવેશ થયેલો છે જે તેના નક્કી કરેલાં કરેલાં માપદંડને મળતાં આવે. વિષય વાઙ્મયસૂચિ મોટી સંખ્યામાં અને લગભગ બધા જ વિષયોમાં ઉપલબ્ધ છે. International Catalogue of Scientific Literature 1902-19 માં અહીં જણાવેલ નિશ્ચિત સમયના દુનિયાભરના દુનિયાભરના વૈજ્ઞાનિક સાહિત્યને વ્યાપકપણે સમાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. Indian Scientific and Technical Publications : A Bibliography (1960) માં ભારતમાં પ્રકાશિત થયેલાં 1960 પહેલાનાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના પુસ્તકોની નોંધ આપવામાં આવેલ છે. જીવનચરિત્ર વાઙ્મયસૂચિ એ લેખકની જીવનચરિત્રની સાથે તેમની કૃતિઓની યાદી હોય છે. M. Perry દ્વારા તૈયાર Bibliography of Countee P. Cullen 1930-1946 તેના નામ પ્રમાણે જીવનચરિત્ર વાઙ્મયસૂચિ છે. લેખકની કૃતિઓની વાઙ્મયસૂચિને લેખકની જીવવચરિત્રની સાથે તેમની કૃતિઓની યાદી હોય છે. M. Perry દ્વારા તૈયાર Bibliography of countee P. Cullen 1903-1946 તેના નામ પ્રમાણે જીવનચરિત્ર વાઙ્મયસૂચિ કહે છે. તેમાં લેખકના બધા પ્રકાશનોની વ્યવસ્થિત ક્રમમાં યાદી આપવામાં આવેલ હોય છે. A World Bibliography of Bibliographies and Bibliographical Catalogues, Calenders, Abstracts, Digests, Indexes and the like by theodore Besterman (4th, 1965-67 in 5v) એ બિબ્લીયોગ્રાફી ઓફ બિબ્લીયોગ્રાફીસનું ઉત્તમ ઉદાહરણ છે. એ પણ ધ્યાનમાં લેવું જોઇએ કે સારકરણ સેવા, નિર્દેશીકરણ સેવા, સંદર્ભ સ્રોતોની માર્ગદર્શિકા પણ વાઙ્મયસૂચિ છે.

### ડિરેક્ટરી/માર્ગદર્શિકાઓ (Directories)

ડિરેક્ટરીએ કોઈ ચોક્કસ વિસ્તારની વ્યક્તિઓ, સંસ્થાઓ અથવા સંગઠનોના નામની યાદી હોય છે. એ યાદી જગ્યાની (દાત. રહીશોની ડિરેક્ટરી), શહેરની (દાત. ટેલિફોન ડિરેક્ટરી), દેશની (દાત. Directory of British Assocoations/ ed by G.P. Henderson and S.P.A. Henderson 10th ed 2002) હોઈ શકે. ડિરેક્ટરીમાં ટૂંકી માહિતી જેવી કે નામ, સરનામું અને ફોન નંબર નો સમાવેશ કરવામાં આવે છે. જે આપણે સામાન્ય રીતે ટેલિફોન ડિરેક્ટરીમાં જોઇએ છીએ. જો કે હવે ડિરેક્ટરીમાં ઘણી માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. દાત. Directory of Scientific Research Institutions in India (2nd ed 1989). આમાં સંસ્થાની નીચે મુજબની માહિતી પૂરી પાડે છે, સંસ્થાના વડાનું નામ, સંસ્થાનો ઇતિહાસ, સરનામું, વિભાગોના નામ અને વિભાગના વડા, કાર્યક્ષેત્રનું મથક, ધ્યેયો/કાર્યો, સંશોધનનું ક્ષેત્ર, સિદ્ધિઓ, વિશિષ્ટ સુવિધાઓ (સલાહ સુવિધા, વિસ્તરણ પ્રવૃત્તિ, તાલીમ, વગેરે), ગ્રંથાલય અને માહિતી સેવા, અન્ય પ્રવૃત્તિઓ અને પ્રકાશનો.

કેટલીક ડિરેક્ટરીઓ દર વર્ષે પ્રકાશિત થાય છે અને બીજી કેટલીક નિયમિત અથવા અનિયમિત રીતે પ્રકાશિત થાય છે. હા, ચોક્કસપણે એવી કેટલીક ડિરેક્ટરીઓ છે જે એક જ વાર પ્રકાશિત થઈ છે.

**વાર્ષિકીઓ (Year books) :** વાર્ષિકી તેના નામ છે અને દર વર્ષે અદ્યતન માહિતી પૂરી પાડે છે. વાર્ષિકી ઘણા પ્રકારની હોય છે અને તેને વર્ગીકૃત કરી શકાય છે. જેમ કે સામાન્ય અને વિષયલક્ષી, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય. The Statesman's of the year વગેરેનો સામાન્ય વાર્ષિકીના પ્રકારમાં સમાવેશ થાય છે. તેમ છતાં દરેકને પોતાના વિશિષ્ટ લક્ષણો હોય છે. દાત. The Statesman's Yearbookના ભાગ-1માં આંતરરાષ્ટ્રીય સંગઠનો અને ભાગ-2માં દુનિયાના દેશોને વર્ણાનુક્રમ આધારે વહેંચવામાં આવેલા છે. જેમાં દરેક દેશોનો ઇતિહાસ, પ્રદેશો અને વસ્તી, સામાજિક આંકડાઓ, આબોહવા, બંધારણ અને સરકાર, વહીવટ, સંરક્ષણ આંતરરાષ્ટ્રીય સંબંધો, અર્થતંત્ર, ઊર્જા અને કુદરતી સંસાધનો, ઉદ્યોગ-ધંધા, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, સંદેશા વ્યવહારના સાધનો, સામાજિક સંસ્થાઓ, સંસ્કૃતિ અને રાજદ્વારી પ્રતિનિધિઓ એ અંતર્ગત માહિતી આપવામાં આવે છે. બીજી બાજુ Britanica Book of the year 2003માં બીજી વિગતોની સાથે 2003ની તવારિખો (કેલેન્ડર/પંચાગ, આપત્તિઓ), 2003 ના વ્યક્તિ વિશેષ (નોબલ પ્રાઇઝ, જીવન ચરિત્રો, મૃત્યુનોંધ/મૃત્યુ પામેલ વ્યક્તિના જીવનનો ટૂંકો વૃત્તાંત આપતી નોંધ), દુનિયાભરના બનાવો અને 2003ની ઘટનાઓનો સમાવેશ થયેલ છે.

જેમ આપણી પાસે સામાન્ય વાર્ષિકી હોય છે તેમ વિષયલક્ષી વાર્ષિકી પણ હોય છે. આવી વાર્ષિકીઓ કોઈ ચોક્કસ વિષયમાં આગળના વર્ષમાં થયેલાં વિકાસનું આબેહૂબ ચિત્ર રજૂ કરે છે. કેટલીક નોંધપાત્ર વિષયલક્ષી વાર્ષિકીઓ જેવી કે : The Bowker Annual Library and Book Trade Alanac (47th ed 1999), Unesco statistical yearbook (1964) અને FAO Production Yearbook (1947).

પ્રાદેશિક વાર્ષિકીઓ સામાન્ય રીતે ચોક્કસ પ્રદેશને આવરી લે છે. આપણે સામાન્ય વાર્ષિકીની વાત કરી ચૂક્યા તે આંતરરાષ્ટ્રીય વાર્ષિકી છે. કેટલીક વાર્ષિકીઓ ચોક્કસ પ્રદેશોને આવરી લે છે. આવી વાર્ષિકીઓના થોડા ઉદાહરણો : Central and South-Eastern Europe 2005, The Far East and Australasia 2004, અને The Middle and the North Africa 2005. સામાન્ય રીતે આ વાર્ષિકીઓ જે-તે પ્રદેશોનું આર્થિક અને રાજકીય ચિત્ર પૂરું પાડે છે. આ સિવાય તે દેશનું સર્વેક્ષણ જેમાં ભૌગોલિક, ઐતિહાસિક, આર્થિક, આંકડાશાસ્ત્રીય સરવે અને ડિરેક્ટરીઓમાં તે ઉપરાંત સંવિધાન, સરકાર, ધારાસભા, રાજકીય સંસ્થાઓ, રાજદ્વારી પ્રતિનિધિઓ, કાયદાકીય વ્યવસ્થા, ધર્મ, પ્રેસ, પ્રકાશનો, રેડિયો અને ટેલિવિઝન, નાણાંકીય વ્યવસ્થા, વેપાર અને ઉદ્યોગો, વાહન વ્યવહાર, પ્રવાસન, પરમાણુ ઊર્જા, સંરક્ષણ અને શિક્ષણનો સમાવેશ કરે છે.

દુનિયાના ઘણા દેશો રાષ્ટ્રીય વાર્ષિકી બહાર પાડે છે જેમ કે Britain : An Official Handbook અને India : A Reference Annual. આમાંની ઘણી વાર્ષિકીઓને તે દેશની સરકાર બહાર પાડે છે અને તેથી તેમાં અપાયેલી માહિતીને પ્રમાણભૂત માનવામાં આવે છે. India : A Reference Annual એ દેશ અને લોકો, રાષ્ટ્રીય ચિહ્નો, રાજ્ય વ્યવસ્થાતંત્ર, ખેતીવાડી, કળા અને સંસ્કૃતિ, મૂળભૂત આર્થિક ડેટા, વેપાર, સંદેશા વ્યવહારના સાધનો, સંરક્ષણ, શિક્ષણ, ઊર્જા, પર્યાવરણ, વૃત્તિ, ખોરાક અને નાગરિક પુરવઠો, વિદેશ સંબંધો, સ્વાસ્થય અને કુટુંબકલ્યાણ, રહેઠાણ, ઉદ્યોગો, ન્યાય અને કાયદો, રોજગાર, સમૂહ-માધ્યમો, આયોજન, ગ્રામીણ વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજીકલ વિકાસ, વાહનવ્યવહાર, જળ સંશાધન, રાજ્યો અને કેન્દ્રસાસિત પ્રદેશો, કલ્યાણલક્ષી કાર્યક્રમો, યુવા બાબતો અને રમતો, રાષ્ટ્રીય ઘટનાઓની ડાયરી અને અન્ય સામાન્ય માહિતી પૂરી પાડે છે. બીજી રાષ્ટ્રીય વાર્ષિકીઓ પણ આજ રીતે ઓછી-વધારે માહિતી પૂરી પાડે છે.

**પંચાગો (Almanacs)**

પંચાગની વ્યાખ્યા એટલે 'વાર્ષિક કેલેન્ડર મહત્ત્વની તારીખો અને આંકડાકીય માહિતી જેવી કે ખગોળશાસ્ત્રીય ડેટાનો સમાવેશ કરે છે' [Pearsall]. આપણા દેશમાં જે વિવિધ પંચાગ પ્રકાશિત થાય છે તે, વર્ષના બધા જ દિવસોની કાળક્રમ પ્રમાણેની માહિતી પૂરી પાડે છે. દરેક તારીખની નીચે ભારતીય કેલેન્ડર પ્રમાણે જેમ કે સંવત, ખ્રિસ્તી કેલેન્ડર, મુસ્લિમ કેલેન્ડર, વગેરે. દિવસનું નામ (દાત. રવિવાર), સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય, ચંદ્ર પર આધારિત પખવાડિયા (દાત. એકાદશી, પૂર્ણિમા), રાશિચક્ર સમય, અશુભ સમય, જુદા જુદા કાર્યો માટેના સમય જેમ કે લગ્ન, મુંડન વગેરે, ધાર્મિક પ્રસંગોના દિવસ (દા.ત. ગુડ ફ્રાઈડે, લક્ષ્મી પૂજા), ખગોળશાસ્ત્રીય ઘટનાઓ (દાત. ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ) જે દિવસ પર અસર કરે છે.

આંતરરાષ્ટ્રીય પંચાગ જેવા કે Whitaker's Almanac (1868-) અને Information Please Almanac (1947-) એ પંચાગ કરતાં વાર્ષિકી જેવા વધુ છે. દાત. Whitaker's Almanac 2002 એ ગ્રેટ બ્રિટન અને દુનિયાના અન્ય ભાગોની સરકાર અને સામાજિક માળખાની અદ્યતન માહિતી પૂરી પાડે છે. વધુમાં તેની સાથે વિસ્તૃત પ્રમાણમાં હકીકતો, આંકડાઓ અને ડીરેક્ટરીની માહિતી પૂરી પાડે છે. પુસ્તકો ફક્ત નાનો ભાગ ખગોળશાસ્ત્રીય માહિતી જેવી કે સૂર્યોદય, સૂર્યાસ્ત, ચંદ્રોદય, ચંદ્રાસ્ત, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ વગેરેની માહિતી પૂરી પાડે છે.

**જીવનચરિત્ર કોશો (Biographical Dictionaries)**

જીવનચરિત્રકોશ ત્રણ પ્રકારના હોય છે : Who is Who, Who was Who અને આ બંન્નેનું સંમિશ્રણ હોય તેવા. આ બધાં જ સામાન્ય ગુણધર્મો ધરાવે છે. એવા પણ જીવનચરિત્ર કોશ છે. જે વિવિધ વિષયોને સમર્પિત હોય છે. Who is Who એ હયાત/જીવિત હોય તેવી વિવિધ વ્યક્તિઓની જીવનચરિત્રાત્મક માહિતી પૂરી પાડે છે. દાત. International Who's Who (1935-) માં ફક્ત હયાત હોય એવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર વ્યક્તિઓની માહિતી જેવી કે જન્મ તારીખ, રાષ્ટ્રીયતા, શિક્ષણ, વ્યવસાય, કારકિર્દી, વર્તમાન હોદ્દો, માન-સન્માન, પુરસ્કાર, વર્તમાન સરનામું, વગેરે જેવી માહિતીનો સમાવેશ થાય છે. Who Was Who તેના નામ પ્રમાણે ફક્ત અવસાન પામેલ/હયાત ના હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ કરે છે. Who Was Who (1929-) આ પ્રકારના જીવનચરિત્રકોશનું એક ઉત્તમ ઉદાહરણ છે. તે અવસાન પામેલ વ્યક્તિઓન જીવન વિષયક રેખાચિત્રો પૂરા પાડે છે. Webster's Biographical Dictionary એ ત્રીજા પ્રકારના જીવનચરિત્રકોશમાં આવે છે. તે હયાત અને હયાત ના હોય/અવસાન પામેલ હોય એમ બંને પ્રકારની વ્યક્તિઓના જીવન વિષયક રેખાચિત્રનો સમાવેશ કરે છે.

**વિષયલક્ષી જીવનચરિત્ર કોશ (Subject biographical Dicrionaries)** પણ બધાં પ્રાપ્ય છે. American men and Women of Science (22nd ed, 2004) એ વિષયલક્ષી જીવનચરિત્રકોશનું એક ઉત્તમ ઉદાહરણ છે. તેમાં ઉત્તર અમેરિકામાં રહેતા 1,20,000 જેટલાં ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને તેને સંબંધિત વિજ્ઞાનના હયાત વૈજ્ઞાનિકોનો સમાવેશ થયેલ છે.

જીવનચરિત્રકોશને ભૌગોલિક વિસ્તાર આધારિત પણ વિભાજીત કરી શકાય છે. એ પ્રમાણે આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને પ્રાદેશિક એમ વિભાજીત કરી શકાય. International Who's Who; Who Was Who and Webster's Biographical Dictionary એ બધા જ આંતરરાષ્ટ્રીય વ્યાપ ધરાવે છે. American Men and Women of Science એ યુ.એસ.એ. અને કેનેડાના વૈજ્ઞાનિકોને સમાવતો પ્રાદેશિક કોશ છે. Dictionary of National Biography/ed. by S.N. Sen (4v. 1972-74); India Who's Who (1969-) એ રાષ્ટ્રીય જીવનચરિત્ર કોશ છે.

જીવનચરિત્રકોશ કેટલીકવાર જાતિના માપદંડને આધારે પ્રગટ થાય છે. દાત. The world who's who of women (13th ed, 1995)માં ફક્ત સ્ત્રીઓનો સમાવેશ થયેલો છે.

વ્યક્તિગત જીવનચરિત્ર (Individual biography) એ જીવનચરિત્રોને વિભાજીત કરતું એક બીજું સ્વરૂપ છે. આત્મકથાઓને પણ આ શ્રેણીમાં મૂકવામાં આવે છે. Srinivas Ramanujan : A Mathematical Genius by Srinivasa Rao (1988) એ એક વ્યક્તિગત જીવનચરિત્રનું સ્પષ્ટ ઉદાહરણ છે. બીજી બાજુ A Librarian Looks Back : An Autography by S.R. Ranganathan તેના નામ પ્રમાણે એક આત્મકથા છે.

**નકશાઓ (Maps)**

નકશાએ કાગળ/પાનાં ઉપર અથવા તો તેના જેવા જ પદાર્થ ઉપર પૃથ્વીની સપાટી અથવા તેના ભાગો જેવાં કે દેશો, મહાસાગરો/સમુદ્રો, દરિયો, પર્વતો, નદીઓ, રણ, રસ્તાઓ અને એવું બધું દર્શાવે છે. જેમ આપણી પાસે પૃથ્વીનાં નકશા છે તેમ આકાશનાં નકશા પણ હોય છે જે, તારાઓ, નક્ષત્રો, રાશિચક્ર અને એવા બધાનું (વર્ષના જુદા જુદા સમયનાં) વર્ણન કરે છે.

**પૃથ્વીનો ગોળો (Globes)**

પૃથ્વીનો ગોળો એ ગોળાકાર સપાટી ધરાવે છે; જે દેશો, મહાસાગરો, દરિયો, પર્વતો, નદીઓ, રણ વગેરે નકશાની જેમ જ બતાવે છે. તેને ઘોડા પર ગોઠવવામાં આવે છે અને તે તેની ધરી પર ગોળ ફરી શકે છે. હવે તો ચંદ્રનો ગોળો પણ પ્રાપ્ય છે. ચંદ્રનો ગોળો નેશનલ એરોનોટીક્સ એન્ડ સ્પેસ એડમીનીસ્ટ્રેસન ઓફ ધ યુનાઈટેડ સ્ટેટસ દ્વારા પ્રમાણભૂત રીતે તૈયાર કરવામાં આવેલો છે.

**નકશાપોથીઓ (Atlases)**

નકશાપોથીઓ એક એવું પુસ્તક છે જેમાં સામાન્ય રીતે નકશાઓ અને સ્થળોની સૂચિ અને અન્ય ભૌગોલિક અસ્તિત્વ ધરાવનાર ચોક્કસ નકશા પર કયાં આવેલા છે, તે દર્શાવે છે. સામાન્ય રીતે આપણે નકશાપોથીઓ શબ્દ એટલે ફક્ત ભૌગોલિક નકશાપોથીઓ એમ સમજીએ છીએ તેમ છતાં, અભૌગોલિક સ્વરૂપની નકશાપોથીઓ પણ હોય છે.

ભૌગોલિક નકશાપોથીઓનો વ્યાપ ઘણો વ્યાપક છે. કેટલાંક આંતરરાષ્ટ્રીય (દાત. The Times Atlas of the world 8th ed 1990); રાષ્ટ્રીય (દાત. National Atlas of India 1984); પ્રાદેશિક (દાત. Atlas of the middle East/ed. by M.Brawer, 1988) અને સ્થાનિક (દાત. Master Atlas of Greater London 5th ed 1988) હોય છે.

**બિનભૌગોલિક નકશાપોથીઓ (Non-Geographical atlases)** પણ મોટી સંખ્યામાં વિષયોને આવરી લે છે. જેમ કે અર્થશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, તબીબી અને ઈતિહાસ દા.ત. Oxford Economic Atlas of the world. 4th ed, 1972; The Cambridge Atlas of Astronomy. 2nd ed, 1988; Atlas of Anatomy 1977; Atlas of Allergies. 2nd ed, 1995; Atlas of surgical Operations/R.M. Rollinger; The Times Atlas of the world history 1989.

**સ્થળવર્ણનકોશો/ગેઝેટિયર (Gazetteers)**

સ્થળવર્ણનકોશ એ સ્થળનામોનો અને અન્ય ભૌગોલિક અસ્તિત્વ ધરાવનાર વસ્તુઓની વર્ણનાત્મક, આંકડાકીય, કરકસરયુક્ત ભૌગોલિક અને ઐતિહાસિક માહિતીનો કોશ છે. કેટલીકવાર સ્થળવર્ણનકોશને ભૌગોલિક પણ કહેવામાં આવે છે. દાત. Webster's New Geographical Dictionary Rev.ed. 1984 અન્ય ભૌગોલિક કોશ પણ ભૂગોળના પારિકભાષિક શબ્દોના અર્થ અને વ્યાખ્યા પૂરા પાડે છે.

સ્થળવર્ણન કોશને આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લાના આધારે વર્ગીકૃત કરી શકાય છે. સ્થળવર્ણનકોશના વિવિધ ઉદાહરણો અહીં આપેલા છે.

**આંતરરાષ્ટ્રીય** - Columbia Lippincott Gazetteer of the world 1962 નું મુદ્રણ પૂર્તિ સહિત 1962.

**રાષ્ટ્રીય** - The Gazetteer of India-India Union. 4V. 1965-1974.

**રાજ્ય** - Delhi Gazetteer. 1976.

**જિલ્લા** - Rajasthan District Gazetteers-Chittaurgarh. 1977.

**માર્ગદર્શિકાઓ (Guidebooks)**

માર્ગદર્શિકાઓ સામાન્ય રીતે પ્રવાસીઓને તેમને જરૂરી માહિતી પૂરી પાડવા માટે તૈયાર થયેલ હોય છે. આ પુસ્તકો પ્રવાસીઓના રસનાં સ્થળોની-ક્યારે જવું, કેવી રીતે જવું, ક્યાં રહેવું, શું જોવું, શું ખાવું, ક્યાં ખરીદી કરવી વગેરે - માહિતી પૂરી પાડે છે. તે ઉપરાંત વિઝા, નાણાંનું બીજા ચલણમાં રૂપાંતર, હવામાન વગેરેની માહિતી પણ આપે છે સામાન્ય રીતે માહિતી કોઈ પ્રદેશ અથવા દેશને આવરી લે છે. Fodor's Guides એ આના માટે જાણીતી છે. તેની કેટલીક માર્ગદર્શિકાઓ જેવી કે Foldor's Spain 2004; Foldor's Germany 2005 વગેરે.

**ઐતિહાસિક માહિતી સ્રોતો (Historical Information Sources)**

માનવીય કાર્યક્ષેત્ર, સિદ્ધિઓ અને નિષ્ફળતાઓનો કેટલાય યુગોનો ઇતિહાસ દફતર થયેલો હોય છે. મોટરકાર આજના સમયમાં કેવી રીતે આવી, માનવીના અસ્તિત્વનાં સમયનો વિચાર, પ્રાચીન ઇજિપ્તની વાહનવ્યવહાર વ્યવસ્થા શું હતી અને આવા જ હજારો સવાલોના જવાબ ઇતિહાસનાં પુસ્તકોનાં પાનાં ફેરવવાથી મળી આવે છે. આથી ઇતિહાસનાં પુસ્તકો પણ માહિતી માટેનાં મહત્ત્વના સ્રોત છે. ઇતિહાસનાં સામાન્ય પુસ્તકો પણ છે અને વિવિધ વિષયોના ઇતિહાસ પૂરો પાડતા પુસ્તકો પણ છે. ઇતિહાસનાં પુસ્તકોને વિવિધ રીતે વિભાજીત કરતાં પુસ્તકોના કેટલાંક ઉદાહરણોનો નીચે ઉલ્લેખ કરેલ છે :

**આંતરરાષ્ટ્રીય (International)**

The New Cambridge Modern History. 14V. 1957-79.

The Cambridge Medieval History. 8V. 1911-36.

Oxford History of the classical world. 1986.

**પ્રાદેશિક (Regional)**

Civilization of the Ancient Mediterranean, Greece and Rome. 3V. 1988.

**રાષ્ટ્રીય (National)**

The New Cambridge History of India. 30V. 1988- A History of Modern Tiber 1913-1951 : the Demise of the Lamaist state. 1959.

**પ્રાંતીય (Provincial)**

History of Kerla/ R.Leela Devi. 1988.

History of Orissa/ P.C. Das. 1992.

**સ્થાનિક (Local)**

Marshes to Metropolis - Calcutta 1481-1981/ B.Roy. 1982.

**વિષયગત (Subject)**

The Cambridge Illustrated History of World Science. 1983.

**હસ્તપ્રતો (Manuscripts)**

મુદ્રણકળાના આગમન પહેલાં માનવો હાથથી લખવા માટે ઝાડમાંથી બનાવેલ કાગળ, બકરી કે ઘેટાંનું ચામડું, વાછરડાંનું મુલાયમ ચામડું, ભોજપત્ર, તાડના ઝાડનાં પાંદડાં, કાગળ અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરતો હતો. આ હસ્તપ્રતો દુનિયાની પ્રાચીન સંસ્કૃતિઓની માહિતી પ્રગટ કરવા માટેનું અત્યંત મહત્ત્વનું સાધન છે. આપણા વેદો, ઉપનિષદો, મહાભારત, રામાયણ એ બધાં જ 19મી સદીની શરૂમાં મુદ્રિત થયા તે પહેલાં હસ્તપ્રત સ્વરૂપમાં હતા. ઘણાબધા કિસ્સામાં આજની તારીખે પણ હસ્તપ્રતો એ માહિતી મેળવવા માટેનો મૂળભૂત સ્રોત છે. આપણી પાસે હસ્તપ્રતો એ માહિતી મેળવવા માટેનો મૂળભૂત સ્રોત છે. આપણી પાસે હસ્તપ્રતોનો સંગ્રહ ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લીક Library (20,000) તાંજોવર મહારાજા સરફોજી સરસ્વતી મહલ લાયબ્રેરી (46,695) અને બીજા અન્ય ગ્રંથાલયમાં પણ છે.

**સામયિકો (Periodicals)**

સામાયિકો એ આગવું શીર્ષક ધરાવતું નિયમિત રીતે ચોક્કસ સમયગાળાએ પ્રકાશિત થતું હોય અને તેનો છેલ્લો અંક ક્યારે બહાર પડશે તેનો નિર્ણય પહેલેથી લેવામાં ના આવ્યો હોય. યુનેસ્કો અનુસાર એવા પ્રકાશનને સામાજિક કહેવામાં આવે છે, જે એક જ શીર્ષક હેઠળ સતત જે શ્રેણી રચે, નિયમિત અથવા અનિયમિત સમયગાળો રાખીને પ્રકાશિત થતાં હોય, શ્રેણીના દરેક અંક વિશિષ્ટ લાક્ષણિકતા ધરાવતા હોય, અંક નંબર ક્રમિક આવતા હોય અથવા દરેક અંકને તારીખ હોય [Harrod]. જર્નલ [Journal] શબ્દ તેનો સમાનાર્થી છે અને ક્રમિક પ્રકાશન [Serial] શબ્દ એ સામયિકનો લગભગ સમાનાર્થી શબ્દ છે.

સામયિકો પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય એમ વિભાજીત થાય છે. પ્રાથમિક સામયિકો સામાન્ય રીતે મૌલિક લખાણને સંશોધન લેખો અને ટૂંકી નોંધો તરીકે પ્રસિધ્ધ કરે છે. Indian Journal of Pure and Applied Physics એ ભૌતિક વિજ્ઞાનનું સંશોધન સામયિક છે. સારકરણ, નિર્દેશીકરણ અને લોકપ્રિય સામયિકો દ્વિતીય કક્ષાનાં સામયિકો તરીકે જાણીતાં છે. Indian Science Abstracts, Index Medicus અને Science Reporter ક્રમશઃ નિર્દેશીકરણ, સારકરણ અને લોકપ્રિય સામયિકો છે. જે સામયિકોમાં સમીક્ષા કરતાં લેખો આપવામાં આવે છે તેને તૃતીય કક્ષામાં શ્રેણીબધ્ધ કરી શકાય. છેલ્લાં કેટલાંક દશકોથી સમીક્ષા કરતાં સામયિકો ઘણી મોટી સંખ્યામાં પ્રકાશિત થવાં લાગ્યાં છે. સામાન્ય રીતે આવા સામાયિકોનાં નામની શરૂઆત Advances in.., Annual Review of..., Progress in... વગેરેથી થાય છે.

સામયિકોને સંશોધન સામયિકો, ટેકનિકલ સામયિકો, વ્યાપારી સામયિકો, લોકપ્રિય સામયિકો અને સંસ્થાનાં સામયિકો તરીકે પણ વિભાજીત કરી શકાય છે. સંશોધન સામયિકો આપણે ચર્ચા કરી તે મુજબ પ્રાથમિક કક્ષાનાં સામયિકો છે. ટેક્નીકલ સામયિકો તેનાં નામ પ્રમાણે ટેક્નોલોજી સાથે સંકળાયેલા છે. તેમનો ઉદ્દેશ પ્રાથમિક સ્રોતોમાંથી માહિતી ભેગી કરી ઉદ્યોગોને જરૂરી માહિતી પૂરી પાડવાનો છે. તે નવી પદ્ધતિઓને અને સામાન્ય રીતે સમાચારોને ઉજાગર કરે છે. તે સંપાદક/તંત્રીના પત્રો, ઉદ્યોગોને રસ પડે તેવા લેખોનું સારકરણ અને નવા એકસ્વાધિકાર (Patent), માનકો (Standards) અને વ્યાપારમાં થયેલા વિકાસનો સમાવેશ કરે છે. Indian Chemical Manufactive એ ટેકનિકલ સામયિકનું સરસ ઉદાહરણ છે. વ્યાપારી સામયિકો પણ જ્યાં સુધી વિષયવસ્તુને લાગે વળગે છે ત્યાં સુધી ટેકનિકલ સામયિકો જેવાં છે. તેમ છતાં વ્યાપારી સામયિકો ટેક્નોલોજી કરતાં વ્યાપારને માટે વધુ પક્ષપાતી હોય છે, ત્યારે તે બંને વચ્ચેનો ભેદ કરવો વધુ મુશ્કેલ બને છે. Textile Trends એ ટેક્સટાઇલ માટે ખૂબ મહત્ત્વનું વ્યાપારી

સામાયિક છે. લોકપ્રિય સામયિકો ફક્ત વૈજ્ઞાનિકો કે યંત્રઉદ્યોગ નિષ્ણાતોને માહિતી પૂરી પાડે છે તેમ નથી પરંતુ સામાન્ય લોકો જેમકે વિદ્યાર્થીઓ, તંત્રજ્ઞ, શિક્ષકો અને એવા બધાંને પણ માહિતી પૂરી પાડે છે. સામાન્ય રીતે આવા સામયિકો દ્વિતીય કક્ષાના માહિતીના સ્રોતો છે. અને કોઈ ચોક્કસ વિષયને સમર્પિત હોય છે. પહેલાં Science Reporter એ લોકપ્રિય સામયિકોનું એક સરસ ઉદાહરણ છે. ઘણી વખત ઔદ્યોગિક એકમો, વૈજ્ઞાનિક સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ અથવા એવાં બીજા મંડળો એક અલગ પ્રકારના સામયિકને બહાર પાડે છે. જે સંસ્થાની વિવિધ ગતિવિધિઓને તેમાં રજૂ કરે છે. આવાં સામાયિકોને સામાન્ય રીતે સંસ્થાનાં સામયિકો કહેવામાં આવે છે. Philips Electronic Application News અને GEC Journal of Science and Technology આ પ્રકારનાં સામયિકોનાં સરસ ઉદાહરણો છે.

આ પ્રકારોમાં ઉમેરો કરતાં બીજા સામયિકો જેવાં કે મેગેઝીન સામાન્ય વાચકો માટે તૈયાર કરવામાં આવેલા હોય છે. [Reader's Digest]

સામયિકોને તેને પ્રકાશિત કરનારને આધારે પણ વિભાજીત કરી શકાય. જેમાં સરકારી સંસ્થાઓ, વિદ્વાનોની સંસ્થા, શૈક્ષણિક સંસ્થા, વ્યક્તિગત જૂથ અને વ્યાપારિક પ્રકાશકોનો સમાવેશ થાય છે. Council of Scientific and Industrial Research એ આપણા દેશની સરકારી સંસ્થા છે, જેના દ્વારા લગભગ 20 જેટલાં સામયિકો પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં પ્રાથમિક સામયિકોમાં Indian Journal of Experimental Biology અને Indian Journal of Chemical Technology, દ્વિતીય કક્ષાનાં સામાયિકોમાં Medicinal and Aromatic Plants Abstracts અને લોકપ્રિય સામયિકોમાં Science Reporterનો સમાવેશ થાય છે. Indian Association for the Cultivation of Science એ એક વિદ્વાનોની સંસ્થા છે, જેના દ્વારા Indian Journal of Physics એ પ્રાથમિક કક્ષાનું સામયિક પ્રકાશિત કરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વિશ્વ વિદ્યાલયો પણ સામયિકો બહાર પાડે છે. દા.ત. Annamalai University, Karanataka University પણ તેમના સામયિકો અનુક્રમે Journal of the Anamalai University અને Journal of the Karnataka University બહાર પાડે છે. વ્યક્તિગત જૂથ જેમ કે Indian Institute of Science નામનું સામયિક બહાર પાડે છે. દુનિયામાં ઘણા બધા વ્યાપારી પ્રકાશકો જેમ કે Elsevier અને Pergamon Press પણ સામયિકો પ્રકાશિત કરે છે.

### એકસ્વાધિકાર (Patents)

એકસ્વાધિકાર શબ્દનો અર્થ એટલે વ્યક્તિને તેના દ્વારા શોધાયેલ વસ્તુને બનાવવાનો, ઉપયોગ કરવાનો કે વેચવાનો, તેની પ્રક્રિયા કરવાનો, તેની યોજના ઘડવાનો સરકાર દ્વારા સત્તાવાર રીતે ચોક્કસ વર્ષો માટે અપાતો અધિકાર. જ્યારે આપણે માહિતીના સ્રોત તરીકે એકસ્વાધિકારની વાત કરીએ તો પ્રલેખ જે શોધની સંપૂર્ણ જાણકારી પૂરી પાડે છે; જેમાં યંત્ર, પ્રક્રિયા, ઔષધિ અથવા રાસાયણિક દ્રવ્ય અથવા બીજી કોઈપણ વસ્તુનો સમાવેશ થાય છે. એકસ્વાધિકાર માહીતીના પ્રાથમિક સ્રોત તરીકે ગણવામાં આવે છે અને મોટાભાગે ફક્ત વિષયના માહિતી સ્રોત તરીકે જ નહિ પરંતુ બીજા કોઈપણ સ્રોત કરતાં તે વધુ ઊંડાણપૂર્વકની માહિતી પૂરી પાડે છે. એકસ્વાધિકારમાં ઘણાં બધાં વર્ણનોમાં વિપુલ પ્રમાણમાં ચિત્રો આપવામાં આવેલા હોય છે. દેશની એક ઑફિસ દ્વારા એકસ્વાધિકારનો હક્ક આપવામાં આવે છે.

### માનકો (Standards)

માનકો એ સત્તાવાર મંડળ દ્વારા જથ્થો, ગુણવત્તા, વજન, માત્રા, મૂલ્ય અથવા ગુણવત્તાના માપદંડ માટેના તૈયાર કરાયેલા સ્થાપિત નિયમો છે [Webster].

અહીં આપણે દેશની કોઈ સંસ્થા દ્વારા જેમ કે Bureau of Indian Standard દ્વારા પ્રકાશિત થતાં પ્રલેખોની સંપૂર્ણ માહિતી આપતા માનકોની સાથે સંબંધ ધરાવીએ છીએ. આ પ્રલેખોને પ્રમાણભૂત માપદંડ તરીકે પણ ઓળખવામાં આવે છે. માનકોને હંમેશા માહિતીના પ્રાથમિક સ્રોત તરીકે વિભાજીત કરવામાં આવે છે. આ પ્રલેખો A4 (210mm×297mm) અથવા A5 (148mm×210mm) નાં કદમાં અને મોટાભાગે ચોપાનિયાં સ્વરૂપે મળે છે.

**માનકોને વ્યાપક રીતે બે જૂથમાં વિભાજીત કરી શકાય :**

(1) તાંત્રિક/ઔદ્યોગિક માનકો (Technical/Industrial Standards) અને

(2) ભૌતિક અને વૈજ્ઞાનિક માનકો (Physical and Scientific Standards)

**તાંત્રિક/ઔદ્યોગિક માનકો વ્યાપક રીતે આમ વિભાજીત કરી શકાય.**

(1) **કદ પરિમાણ માનકો (Dimensional Standards)**

આ માનકો કોઈ એક વસ્તુના પ્રકાર અને કદને એકરૂપતા, વિનિમયતા અને સરળતાથી એક સૂત્રનાં રૂપમાં મૂકે છે. દા.ત. ISO/R169-1960. sizes of photocopies (on paper) readable without optical devices.

**(2) કામગીરી અને ગુણવત્તાના માનકો (Performance and Quality Standards)**

આ માનકો ગુણવત્તાવાળી વસ્તુઓ તૈયાર થાય તે માટે બનાવવામાં આવ્યા છે. આ માનકોને આધારે તૈયાર થયેલ વસ્તુઓ, તેની પાસે જે અપેક્ષા હોય છે તે પ્રમાણે તૈયાર થાય છે. દા.ત. પ્રેશર કુકર. જો આ માનક આધારિત બનાવવામાં આવ્યું હશે તો તે વધારાની હવાના દબાણથી એકદમ ફાટી જતું નથી. વધારાની હવાનું દબાણ આપોઆપ પ્રેશર વાલ્વથી બહાર આવી જાય છે. દા.ત. IS : 3253 - 1953. Hourser laid nylon rope for mountaineering purposes.

**(3) પ્રમાણભૂત પરીક્ષણ પદ્ધતિ (Standard tedt Methods)**

આ માનકો રાસાયણિક પૃથક્કરણો, રાસાયણિક મિશ્રણના અંગભૂત ઘટકો, પરીક્ષણ પદ્ધતિ નક્કી કરવા માટેનાં અધિકૃત માનકો છે. દા.ત. IS : 2188-1962. Methods of test for paper for electrical purpose.

**(4) ઉપયોગ માટેની પદ્ધતિઓ (Methods of use) કૌશલ્ય માટેની આચારસંહિતા (Code of Practice)**

આ માનકો પદાર્થો અને ઉપકરણોને સ્થાપવા, ચલાવવા, યંત્ર-સાધનસામગ્રીને દુરસ્ત રાખવા માટેની સાચી પદ્ધતિ દ્વારા કૌશલ્ય વિકસાવવા માટેના છે. દા.ત. : 3916-1966. Code of practice for Pig housing.

**(5) વ્યાખ્યા (Definitions)**

વ્યાખ્યા એ કોઈ વિચાર, વસ્તુ વગેરેનાં ચોકસાઈપૂર્વકનાં વર્ણનને નિશ્ચિત રીતે પ્રમાણભૂત કરે છે. દા.ત. ISO/R597-1967. Definitions and terminology of cements.

**(6) પારિભાષિક કોશ (Glossaries)**

પારિભાષિક કોશ શબ્દોના ઉપયોગ વખતે એકરૂપતા જાળવવા તૈયાર કરવામાં આવેલા હોય છે. જેથી કોઈ વિષયમાં જે-તે શબ્દો હંમેશા એકસરખો અર્થ રજૂ કરે છે. દા.ત. IS : 2550-1963. Glossary of classification terms.

**(7) સંકેત/પ્રતીક (Symbols)**

પ્રતીકોને એકરૂપતા આપવામાં આવે છે. જેથી ચોક્કસ પ્રતીકોનો દુનિયાભરમાં એક જ અર્થ રજૂ થાય. દા.ત. રસ્તાનાં પ્રતીકો. દાત. IS : 1890 (part XI) - 1961. Mathamatical signs and symbolds for

use in the physical science and technology.

[IS : Indian Standards; ISO - Recommendation of International Organization for standardization]

ભૌતિક અને વૈજ્ઞાનિક માનકો જે કુદરતી વસ્તુઓ/ઘટનાઓ માટે લાગુ પડે છે, જે ચોક્કસપણે નિશ્ચિત હોય છે અને જ્ઞાનના વિકાસ સાથે તે બદલાતા નથી. (દાત. લંબાઈ, જથ્થો, સમય, ઉષ્ણતામાન વગેરે)

**મહાનિબંધો (Theses)**

મહાનિબંધ અને પ્રબંધ શબ્દ એકબીજાને બદલે ઉપયોગમાં લેવાય છે. મહાનિબંધ અથવા પ્રબંધ એવા પ્રલેખ છે, જેમાં (સામાન્ય રીતે અપ્રકાશિત) તજજ્ઞના માર્ગદર્શન હેઠળ કરેલ સંશોધનની વિગતોનો સમાવેશ કરેલ હોય છે. જેમાં અનુમાન, હેતુઓ, વ્યાપ, પદ્ધતિશાસ્ત્ર અને અભ્યાસના પરિણામ સિવાય પણ મહાનિબંધમાં સવિસ્તર સાહિત્ય સર્વેક્ષણ જે વિષયની સૂચિ સંકલિત કરવામાં ઉપયોગી બને છે, તેનો સમાવેશ હોય છે. વધુમાં કેટલીકવાર મહાનિબંધો જે-તે ક્ષેત્રમાં આગળ વધુ સંશોધન કેવી રીતે કરી શકાય તેનો નિર્દેશ કરે છે. ક્યારેક સંશોધક નવા પદ્ધતિશાસ્ત્રને જનમ આપે છે, જે પછીના સંશોધકોને ખૂબ ઉપયોગી બને છે. મહાનિબંધ પણ માહિતીના પ્રાથમિક સ્રોત છે. મહાનિબંધની થોડી જ નકલો તૈયાર થતી હોવાથી તેને મેળવવી મુશ્કેલ બને છે. હવેના દિવસોમાં વધુ ને વધુ મહાનિબંધોની સૂક્ષ્મપ્રતો પણ થવા લાગી છે. આના કારણે એમ ધારી શકાય કે મહાનિબંધો મેળવવાની સમસ્યા ક્રમશઃ ઓછી થતી જશે.

**પરિસંવાદ પ્રલેખો (Conference Document)**

પરિસંવાદ પ્રલેખો પણ મહત્ત્વના માહિતીના સ્રોત છે, એમાં મોટાભાગે અપરિપક્વ વિચારોનો સમાવેશ કરેલો હોય છે. દુનિયાભરમાં હજારો પરિસંવાદો દર વર્ષે થતાં હોય છે. આમાના કેટલાંક પરિસંવાદો આંતરરાષ્ટ્રીય, કેટલાંક રાષ્ટ્રીય અને કેટલાંક પ્રાંતીય હોય છે. જ્ઞાન સમાજમાં માહિતી વ્યવસ્થાપનનું આંતરરાષ્ટ્રીય પરિસંવાદ (IASLIC ની સુવર્ણજયંતીના સ્મરણાર્થે) મુંબઈમાં 21-25 ફેબ્રુ. 2005 દરમ્યાન થયો હતો. ઇન્ડિયન લાયબ્રેરી ઍસોસિયેશને 49મું ઑલ ઇન્ડિયા લાયબ્રેરી કોન્ફરન્સ બુંદેલખંડ યુનિવર્સિટી, ઝાંસીમાં 29 ડિસે. થી 1 જાન્યુ. 2004 દરમ્યાન યોજાયેલ હતું. આ રાષ્ટ્રીય પરિસંવાદ હતો. દર વર્ષે બંગાળ લાયબ્રેરી ઍસોસિયેશન પણ પરિસંવાદ યોજે છે, જેમાં ખાસ કરીને બંગાળના ગ્રંથપાલો ભાગ લે છે. આ મૂળભૂત રીતે તો પ્રાંતીય છે.

પરિસંવાદો જુદા પ્રકારના પ્રલેખોનું સર્જન કરે છે. સંમેલનની જાહેરાત, લેખો માટે આમંત્રણ, કાર્યક્રમની વિગતો વગેરે પરિસંવાદ પહેલાં પ્રસિધ્ધ થાય છે. જે ખરેખર 'પરિસંવાદ પૂર્વેના પ્રલેખ' (Pre-Conference document) છે. ઘણીવખત પરિસંમેલનમાં રજૂ થવાના હોય તેવા લેખોનો સમાવેશ કરતો ગ્રંથ પ્રસિધ્ધ કરવામાં આવે છે. દા.ત. Information Support for Rural Development નામનો ગ્રંથ IASLIC (Calcutta : 31st Dec. 2004- 3rd jan. 2005)ના 21માં રાષ્ટ્રીય પરિસંવાદમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જેમાં લગભગ 60 લેખો અને 12 જેટલાં લેખોના સારનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત ઉદ્ઘાટન ઉદ્બોધનની નકલ અને જે લેખોનો સમાવેશ ગ્રંથમાં થઈ શક્યો નહોતો તેમાંના કેટલાંકની નકલોની વહેંચણી પરિસંવાદમાં ભાગ લેનારને કરવામાં આવી હતી. ઘણી વખત પરિસંવાદના વ્યવસ્થાપક પરિસંવાદ વખતે સ્મૃતિઅંક (Souvenir) પણ બહાર પાડે છે. ઉપર્યુક્ત પરિસંવાદ દરમિયાન બહાર પાડવામાં આવેલ સ્મૃતિઅંકની વિગતની ચર્ચા 'સ્મૃતિઅંક' એવા મથાળા હેઠળ કરવામાં આવે છે.

પરિસંવાદ કાર્યવાહી, પ્રતિનિધિઓની યાદી વગેરે પરિસંવાદ પછી પ્રગટ થાય છે અને તે ખરેખર પરિસંવાદ પછીના પ્રલેખ (.Post-Conference Document)

કહેવાય છે. પરિસંવાદ કાર્યવાહીમાં સામાન્ય રીતે ચર્ચાઓ, વ્યાખ્યાનો, સભાની કાર્યવાહીની નોંધ અને ઠરાવોનો સમાવેશ થાય છે. કેટલીકવાર પરિસંવાદલેખો અને કાર્યવાહી પ્રકાશક દ્વારા કે સામયિકના વિશેષાંક તરીકે પછીથી પ્રગટ થાય છે.

**સ્મૃતિઅંકો (Souvenirs)**

સ્મૃતિઅંક એ કોઈને સ્મૃતિચિહ્ન આપવા જેવું છે. જ્યારે સ્મૃતિઅંક પ્રકાશનનું સ્વરૂપ લે છે, ત્યારે મોટાભાગે અનેકવાર તે માહિતીનો સરસ સ્રોત બની શક્યો નથી. દા.ત. IASLIC (2004/5) ના પરિસંવાદમાં વ્યવસ્થાપક સમિતિએ વિવિધ તજજ્ઞોના લેખોનો સમાવેશ કરતો સ્મૃતિઅંક બહાર પાડેલ છે. સ્મૃતિઅંકમાં લેખો ઉપરાંત કલકત્તાનો એક નાનકડો નકશો પરિસંવાદ IASLIC ના 21માં સંમેલન કાર્યક્રમ, વિવિધ સમિતિઓ અને તેના સભ્યોના નામ; IASLIC ની સલાહકારી સમિતિ (2004-2005), પ્રમુખોની અને સામાન્ય મંત્રીઓની યાદી (શરૂથી અત્યાર સુધીની) વગેરેનો સમાવેશ કરેલ છે. આ રીતે તમે જોઈ શકો છો કે સ્મૃતિઅંક એ એક સરસ સંદર્ભ સ્રોતનું સાધન બની રહે છે.

**સ્મરણિકાઓ/સન્માનગ્રંથ (Festschriften)**

સ્મરણિકાઓ એ વિદ્વાન વ્યક્તિને સન્માન આપતાં લેખોનો પ્રકાશિત સંગ્રહ છે. દર વર્ષે આપણા દેશમાં એક કરતાં વધારે LISનાં ક્ષેત્રમાં ખ્યાતિ પ્રાપ્ત ગ્રંથપાલના સન્માન અર્થે બહાર પડે છે. સામાન્ય રીતે સ્મરણિકામાં વ્યક્તિના જીવનનું રેખાચિત્ર, તેમણે આપેલા પ્રદાન અંગેની ચર્ચા, જે વ્યક્તિઓ જોડાયેલ છે તેમનો વ્યક્તિગત વૃતાન્ત, તે ઉપરાંત તેમના વ્યવસાયિક સાથીઓ, વિદ્યાર્થીઓ, મિત્રો અને અન્ય દ્વારા લખાયેલા ઘણાબધા લેખોનો ફાળો રહેલો હોય છે. કેટલીકવાર ચોક્કસ વિષય ઉપર લેખો તૈયાર કરવામાં આવે છે :

2003માં Mr. A.K. Dasgupta; જે દેશના લાંબા સમયના અનુભવી હયાત ગ્રંથપાલ છે, તેમને બહુમાન આપતો સ્મરણિકા બહાર પાડવામાં આવેલો. તેનું શીર્ષક National Bibliographi Control : Problems and Perspectives - Essays for A.K. Dashupta હતું. આ સ્મરણિકાનો વિષય અગાઉથી નક્કી કરાયેલો હતો અને તે પ્રમાણે લેખકોને ફાળો આપવા માટે જણાવેલ હતું. તેથી બધા જ 33 લેખોમાં અંકને સમર્પિત વિષયનો સમાવેશ થયેલોં છે. તે ઉપરાંત તેમના 200 જેટલાં લખાણની વાઙમયસૂચિનો સમાવેશ તેમાં કરવામાં આવ્યો છે.

ભારતીય સ્મરણિકાના ગ્રંથોનું જે સાહિત્ય ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં પ્રકાશિત થાય છે. તેનાં વાઙ્મયસૂચિ નિયંત્રણની કોઈ વ્યવસ્થા નથી. તેમનો આંતરરાષ્ટ્રીય નિર્દેશીકરણ અને સારકરણ સેવાઓમાં પણ તેને આવરી લેવામાં આવતા નથી. જે સાહિત્યનો આ અંકમાં સમાવેશ કરવામાં આવે છે તે દુનિયાના પ્રેક્ષકોને આકર્ષી શકતા નથી.

**અહેવાલો (Reports)**

ગ્રંથાલયમાં વિવિધ પ્રકારનાં અહેવાલ મળી આવે છે. તેમને તાંત્રિક અહેવાલ, વહીવટી અહેવાલ અને મુસાફરી અહેવાલ એમ વિભાજીત કરી શકાય.

**તાંત્રિક અહેવાલો (Technical Reports)**

અહેવાલની ત્રણ શ્રેણીમાંથી તાંત્રિક અહેવાલને ખૂબ મહત્ત્વનો માનવામાં આવે છે. આ અહેવાલ સામાન્ય રીતે સરકાર, ઔદ્યોગિક સંગઠનો અથવા અન્ય કોઈ મંડળ દ્વારા તૈયાર કરવામાં આવે છે, જે ધ્યેય આધારિત સંશોધન યોજનાઓ છે. ઘણી વખત સંસ્થાઓ પોતાની રીતે પ્રયોગો કરે છે. ચોક્કસ સંસ્થાઓ કોઈવાર જે મંડળ પાસે પ્રયોગ કરવા માટેનું જરૂરી માળખું હોય તેની સાથે કરાર કરે છે. પ્રોજેક્ટના વિવિધ તબક્કાઓનાં ચિત્રને રજૂ કરતા અહેવાલને પ્રગતિ અહેવાલ, વચગાળાનો અહેવાલ, અંતિમ અહેવાલ વગેરે નામથી ઓળખવામાં આવે છે.

કેટલાંક કિસ્સાઓમાં ફક્ત એક જ અહેવાલ બહાર પાડવામાં આવે છે. આ અહેવાલ સામાન્ય રીતે શરત આધારિત સમયમાં રજૂ કરવામાં આવે છે. મોટાભાગે આવા અહેવાલ ટાઈપ કરેલાં અથવા સ્ટેન્સિલ કાગળ પર તૈયાર કરવામાં આવેલા હોય છે, છાપેલાં પ્રકાશિત નહિ, ખૂબ મર્યાદિત સંખ્યામાં તૈયાર થયેલોઁ હોય છે, જે પેઢી/કચેરી દ્વારા સંશોધન કાર્ય કરી તૈયાર કરવામાં આવેલ હોય છે અથવા જેણે આ સંશોધન પ્રોજેક્ટને આર્થિક સહાય કરી હોય છે, અને જેનો ખૂબ જ મર્યાદિત ફેલાવો થયેલોઁ હોય છે. આવા અહેવાલો મોટેભાગે અણુકેન્દ્ર, અવકાશયાન અને સંરક્ષણ સાથે જોડાયેલા હોય છે. આના લીધે મોટે ભાગે તેની પર 'Top Secret', 'Confidential' એમ સિક્કા મારેલા હોય છે. અને તેને 'વર્ગીકૃત' અહેવાલ કહેવામાં આવે છે. વ્યવસાયિક સંપાદકો/તંત્રીઓ આમાં ફેરફાર કે તેનો ઉલ્લેખ કરી શકતાં નથી. આ અહેવાલોમાં સંશોધન પરિણામોનો સમાવેશ થયેલ હોય છે, તેમ છતાં તેની માહિતીના પ્રાથમિક સ્રોત તરીકે ગણના કરવામાં આવે છે.

સંશોધન આધારિત તાંત્રિક અહેવાલોમાં કાર્યનું ક્ષેત્ર, હેતુઓ, પદ્ધતિશાસ્ત્ર, સંશોધન પરિણામો, સંશોધન પરિણામોની પ્રસ્તુતતાનો સમાવેશ થયેલ હોય છે. ઈજનેરો અને ટેકનોલોજીસ્ટ વિવિધ પ્રોજેક્ટોને તૈયાર કરવા માટે આવા અહેવાલો પર આધાર રાખે છે.

આવા અહેવાલ પેઢી/કચેરીના પસંદગીયુક્ત વ્યક્તિઓ જેમણે આ અહેવાલને તૈયાર કર્યો હોય અથવા અહેવાલ તૈયાર કરવા માટે સહાય કરી હોય, ફક્ત તેઓ જ તેનો ઉપયોગ કરી શકે છે. ચોક્કસ સમયે આમાંનાં ઘણાં બધા અહેવાલ 'અવર્ગીકૃત' કરવામાં આવે છે અને લોકો માટે સુલભ બનાવવામાં આવે છે. અને હવે જે સાહિત્ય આ અહેવાલમાં હોય છે તેને ખુલ્લો કરવામાં આવે છે અને કોઈપણ વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે છે. સંભવતઃ મોટી સંખ્યામાં તાંત્રિક અહેવાલો યુનાઈટેડ સ્ટેટસ તરફથી રજૂ કરવામાં આવે છે. યુ.એસ.ની National Technical Information Service (NTIS) જે બધા જ 'Declassified' અથવા 'Non-Classified' તાંત્રિક અહેવાલની નકલ પૂરી પાડે છે.

**વહીવટી અહેવાલો (Administrative Reports) :**

સામાન્ય રીતે મંત્રીમંડળ, વિભાગો, સંસ્થાઓ, સંગઠનો વગેરે દ્વાર તૈયાર કરવામાં આવે છે. આ બધા અહેવાલોની સામાન્ય બાબત એ છે કે તે વાર્ષિક અહેવાલ હોય છે. તે દર વર્ષે બહાર પાડવામાં આવે કે તે વાર્ષિક અહેવાલ હોય છે. તે દર વર્ષે બહાર પાડવામાં આવે છે અને તેમાં વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓ, નવા વર્ષનો ભવિષ્યનો પ્લાન, આવક અને ખર્ચની નાણાંકીય હકીકતો વગેરે વિગતોનો સમાવેશ કરે છે. સંસ્થા, સંગઠન વગેરેના અહેવાલ ઘણીબધી બીજી માહિતીનો સમાવેશ પણ કરે છે. દાત. Annual Report... and Audited statment of Accounts... of IASLIC માં ઉપરની વિગતો સિવાય ઑફિસ કર્મચારીની યાદી, સામાન્ય સભાનો અહેવાલ, સલાહકારી સમિતિ, વહીવટી અને નાણાંકીય સમિતિઓની સભા, IASLIC રાષ્ટ્રીય સેમિનાર/સંમેલનો/અધિવેશનો, વિભાગીય પ્રવૃત્તિઓ, અભ્યાસ વર્તુળ સભા, IASLIC ગ્રંથાલય, વાર્ષિક વ્યાખ્યાનો, ગ્રંથપાલદિન, IASLIC દ્વારા અપાયેલ એવોર્ડસ વગેરેની વિગતોનો સમાવેશ થયેલ હોય છે. વધારામાં અહેવાલમાં આવક-જાવક વગેરેનાં આંકડાનો સમાવેશ કરે છે. આ અહેવાલ સંસ્થાની વિશ્વસનીય માહિતી પૂરી પાડે છે.

**મુસાફરી અહેવાલો (Trip Reports)** - સરકારી અધિકારીઓ કંપનીના વહીવટી અધિકારીઓ, વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને બીજા અન્ય લોકો દુનિયાના વિવિધ ભાગોમાં કોઈ ધ્યેય અને હેતુ સાથે ફરતા હોય છે. તેમની મુલાકાત દરમ્યાન તેઓ

બીજી કંપનીની વ્યક્તિ સાથે વાતચીત કરે છે, સહી કરાર, ધંધાકીય અંતિમ કરાર, સંમેલનમાં ભાગ લેવો, બજારનો અભ્યાસ, આસપાસની વિવિધ સંસ્થાઓની મુલાકાત, વેપારીમેળા, પોતાના રસના સ્થળોની મુલાકાત, યંત્રો અને અન્ય પ્રોડક્ટનું પરીક્ષણ વગેરે પ્રવૃત્તિઓ થતી હોય છે. જ્યારે તે પરત ફરે છે ત્યારે જે-તે અધિકૃત સંબંધિતને અહેવાલ રજૂ કરવો પડે છે. આ અહેવાલ સામાન્ય રીતે ટાઇપ કરેલ અથવા કોમ્પ્યૂટર પર કંપોઝ કરેલ, સ્ટેપલ કરેલ, ખૂબ ઓછી પ્રત તૈયાર કરેલ હોય છે. અને સંબંધિત કર્મચારીઓને જ તે મોકલવામાં આવે છે. આના લીધે આવા અહેવાલનું કોઈ વાઙ્મયનિયંત્રણ રહેતું નથી. તેમ છતાં ઘણાં બધા કિસ્સામાં ખાસ કરીને કંપની અથવા એન્ટરપ્રાઇઝ માટે તે ઘણાં મહત્ત્વના જ્ઞાનના ઘટક સાબિત થતાં હોય છે અને આ ઓળખાણ વિનાના સાહિત્ય (Grey literature) તરીકે ઓળખાય છે.

ઈન્ટરનેટ ઉપર ઘણા બધા મુસાફરી અહેવાલો પ્રાપ્ય છે. www.eurobirding.com એ દુનિયાની 5000 થી વધુ Briding trip report ની link પૂરી પાડે છે. ઈન્ટરનેટ ઉપર વિવિધ સ્થળો જેવાં કે ન્યુઝીલેન્ડ, લાસ વેગાસ અને સંત માર્ટિન (St. Martin) વગેરેનો મુસાફરી અહેવાલ પ્રાપ્ય બને છે.

### લેખો (Articles) :

તમે બધા જ લેખથી પરિચિત છો. લેખ એ લખાણનો એક ઘટક છે, જે અન્ય સાથે સામયિક, છાપાં, સંમેલન અહેવાલ, સ્મરણિકાઓ વગેરેમાં સમાયેલો હોય છે. લેખોને પણ વિભાજીત કરી શકાય જેમ કે લોકપ્રિય, તાંત્રિક, સંશોધન, આલોચનાત્મક લેખ વગેરે. લોકપ્રિય લેખ જુદા જુદા બધા જ લોકો માટેના હોય છે. જે લેખો તાંત્રિક બાબતો સાથે જોડાયેલા હોય છે તેને તાંત્રિક લેખથી ઓળખવામાં આવે છે, અને તે સામાન્ય રીતે તાંત્રિક બાબતો સાથે જોડાયેલ વ્યક્તિઓ માટે તૈયાર થયેલ હોય છે. સંશોધન લેખો સંશોધકો દ્વારા રજૂ કરવામાં આવે છે, અને સંશોધનના પરિણામો બીજાઓ સુધી પહોંચાડે છે અને તેનો ઉપયોગ સંશોધકો અને વિદ્વાનો કરે છે. પ્રાથમિક સામયિકો સામાન્ય રીતે સંશોધન લેખોનો સમાવેશ કરતા હોય છે. આલોચનાત્મક લેખો એક નાના વિષયની અદ્યતન બાબતોને રજૂ કરે છે. સામયિક કે માધ્યમમાં ઔપચારિક રીતે લેખ પ્રકાશિત થાય તે પહેલાં તેને Preprint પૂર્વપ્રકાશિત કહેવામાં આવે છે. ઘણા કિસ્સામાં સામયિકમાં લેખ પ્રકાશિત થયા પછી લેખકને લેખની કેટલીક પ્રકાશિત નકલો તેના પોતાના ઉપયોગ માટે મોકલવામાં આવે છે. તેને પુનઃમુદ્રણ (Reprint) કહેવામાં આવે છે. બધા લેખોમાં જુદા-જુદા પ્રકારની માહિતીનો સમાવેશ થયેલ હોય છે. જુદા જુદા પ્રકારના લોકોની માહિતીની જરૂરિયાત પૂરી પાડે છે.

### રોજનીશીઓ (Diaries)

લેખકો, વૈજ્ઞાનિકો, વિદ્વાનો અને બીજા ઘણાં બધા રોજનીશી તૈયાર કરે છે. આ રોજનીશી દ્વારા મોટાભાગે અધિકૃત જીવનચરિત્રાત્મક સામગ્રી અને બીજી અન્ય માહિતી વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે રોજનીશી બીજી અન્ય માહિતી વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે રોજનીશી હસ્તલિખિત હોય છે અને ખૂબ મહત્ત્વની હોય છે, ત્યારે તે પ્રકાશિત પણ થાય છે. Fanny Burney અંગ્રેજી નવલકથાકારની રોજનીશી 'Early Diary 1768-78' અને 'Diary and letters 1778-1840' તે વખતના સમયનું આબેહૂબ ચિત્ર રજૂ કરે છે. Michael Fraday જે 'Father of Electricity' તરીકે ઓળખાય છે. તેમણે પોતાની રોજનીશીમાં તેમની બધી જ સંશોધન પ્રવૃત્તિની ખૂબ ચોકસાઈપૂર્વક નોંધ કરેલ છે. Faradayની રોજનીશી બંધાવેલી છે અને ક્રમિક નંબરોથી પુસ્તકના સંચયમાં 16041 જેટલાં 25 ઓગષ્ટ, 1832 થી 6 માર્ચ, 1860 સુધી નોંધાયેલા

સંલેખોનો સમાવેશ થયેલો છે. [http://www.ccm.ua.edu/pdfs/343.pdf] આ રોજનીશી આજે વિજ્ઞાનના જીવનચરિત્રો અને ઇતિહાસમાં અમૂલ્ય માહિતીનો સ્રોત પૂરો પાડે છે. વૈજ્ઞાનિકોની રોજનીશી અને તેમની પ્રયોગશાળાની નોંધપોથી ઓછાવત્તે અંશે સરખા જ હોય છે.

**પત્રો (Letters)**

સમાચાર આપવા માટે પત્ર લખવાનો મહાવરો ખૂબ જૂનો થઈ ગયો છે. આજે આ મહાવરો ખૂબ જૂનો થઈ ગયો છે. આજે આ મહાવરો ટેલિફોન અને મોબાઈલ ફોન દ્વારા સતત ચાલુ રહ્યો છે. ઈન્ટરનેટની શોધથી માધ્યમોમાં ધરમૂળ ફેરફાર આવેલા છે. હવે મોટી સંખ્યાના પત્રો એ e-mailનું સ્વરૂપ છે. ઑફિસની માહિતી આપ-લેમાં પત્રો હજી પણ મહત્ત્વ ધરાવે છે. મોટાભાગે હંમેશા પત્રમાં કોઇને સંદેશો મોકલેલ હોય છે. આપણી રોજબરોજની જિંદગીમાં પત્ર આપણને કોઈની જન્મતારીખની, પરીક્ષામાં પાસ થવાની, પરદેશી મુસાફરી, મૃત્યુ અને એમ જ બીજા સમાચાર પૂરા પાડે છે. વૈજ્ઞાનિક સામયિકોના આગમન પૂર્વે યુરોપમાં વૈજ્ઞાનિકો પોતાના સંશોધનના પરિણામો તેમના અનુગામી સંશોધકોને પત્રો દ્વારા પહોંચાડતા હતા. ઘણા બધા લેખકો દ્વારા લખાયેલા પત્રો પુસ્તક સ્વરૂપે પ્રકાશિત પણ થાય છે. દાત. Glimpses of World History નામનું જવાહરલાલ નહેરુ દ્વારા લખાયેલું પ્રખ્યાત પુસ્તક એ તેમના દ્વારા ઈન્દિરા ગાંધીને લખાયેલા પત્રોનો સંગ્રહ છે.

**ઑફિસ ફાઈલો (Office Files)**

સરકાર, ઔદ્યોગિક એકમો, સંશોધન સંસ્થાઓ, શૈક્ષણિક સમિતિ, વહીવટી સમિતિ, વગેરે દ્વારા લેવામાં આવતા બધા જ નાના-મોટા નિર્ણયો ફોઇલોમાં નોંધાયેલા હોય છે. કર્મચારીની સર્વિસબુક (એ પણ ફાઇલ છે); જે કર્મચારીની નિમણૂંક, ઉચ્ચ ગ્રેડ માટેની બઢતી, પગાર નિર્ધારણ, તે/તેણીના ઉચ્ચ અધિકારી દ્વારા કરાતી કામગીરીની નોંધ, નિવૃત્તિ, પેન્શન અને એમ જ બીજી અનેક મહત્ત્વની માહિતીનો સ્રોત હોય છે. તે જ રીતે સરકારનાં પ્રધાનમંડળ અને ખાતાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ, શૈક્ષણિક સમિતિઓ, સમાજ અથવા બીજા બિનસરકારી સંગઠનો પણ પોતાની સ્થાપના, વહીવટ વગેરેની વિગતો ફાઇલોમાં નોંધાયેલી હોય છે. આના લીધે તે પણ મહત્ત્વના માહિતી સ્રોત છે. દફતરો મહત્ત્વની ફાઇલોને સાચવે છે અને ફાઇલની અન્ય નકલના હોવાને લીધે તે દરેકે દરેક ફાઇલ સાચવવા બધી જ રીતે પ્રયત્ન કરે છે.

**કૉમ્પ્યૂટર ફાઇલો (Computer files)**

કૉમ્પ્યૂટર ફાઇલ એ વિગતો સંગ્રહ અથવા સંગ્રહાયેલો પ્રોગ્રામ છે જેને એક જ ફાઇલ નામ હોય છે. ગ્રંથાલયના કેટલોગ કૉમ્પ્યૂટરાઇઝ કરવા માટે આપણે દરેકે દરેક પુસ્તકની વિગતોને કૉમ્પ્યૂટરમાં રેકોર્ડ કરીએ છીએ. આ બધા જ રેકોર્ડ કૉમ્પ્યૂટરમાં એક નામથી સંગ્રહવામાં આવે છે. આ રેકોર્ડનો સંગ્રહ ફાઇલ તૈયાર કરે છે. અને તેને નામ આપવામાં આવે છે જેને ફાઇલનેમ કહે છે. પુસ્તક, સામયિક, મહાનિબંધ વગેરેનું ડિજિટાઇઝ સ્વરૂપ પણ કૉમ્પ્યૂટર ફાઇલ હોઈ શકે.

**ડેટાબેઝ (Databases)**

ડેટાબેઝ એ આડ સંદર્ભ (Cross Reference) ફાઇલોનો સંગ્રહ છે. જેને ઘણા બધાં દૃષ્ટિકોણથી માહિતી પ્રાપ્ત કરી શકાય તે માટે તૈયાર કરવામાં આવે છે. દુનિયામાં મોટી સંખ્યામાં નિર્દેશીકરણ અને સારકરણ સેવાઓએ પોતાના ડેટાબેઝ તૈયાર કરેલા છે. દુનિયાના કોઇપણ ખૂણામાં બેસીને, પૈસા ચૂકવીને જોઇતી માહિતી શોધી શકાય છે. એવા ઘણાં બધા વિક્રેતા છે જે જરૂર કરતાં પણ વધારે ઓનલાઇન

ડેટાબેઝની માલિકી ધરાવે છે. એકવાર વિક્રેતા દ્વારા પાસવર્ડ મેળવીને આ બધા ડેટાબેઝમાંથી માહિતી મેળવી શકાય છે. દાત. DIALOG એ The Dialog Corporation દ્વારા અપાતી સેવાઓ છે, જે ઉપયોગકર્તાઓને 1972થી ઘણીબધી વિદ્યાશાખાઓના લગભગ 450 જેટલા ડેટાબેઝની સેવા પૂરી પાડે છે.

**સીડી રોમ (CD-ROMS)**

સીડી રોમ ત્યારે જ માહિતી પ્રાપ્તિનું સાધન બને છે, જ્યારે તેમાં માહિતીનો સમાવેશ થયેલો હોય. સીડી રોમમાં સમાવેલ માહિતીનો અંદાજ લગાવવો હોય તો Compton's Reference Collectionની એક જ સીડી રોમમાં 24 વોલ્યુમના Compton's Concise Encyclopedia, Compton's World Altas, The Macmilan Dictionary of Quatations, Webster's New World Dictionary, Webdter's New World Thesaurus અને બીજા પાંચ ધંધાકીય રેફરન્સ વર્ક સમાયેલા છે. સીડી-રોમમાં સમાવેશ કરવામાં આવેલ ડેટામાં ઘણા બધા કિસ્સામાં ઘણી વખત રંગીન ચિત્રો, અવાજ, એનિમેશનનો સમાવેશ પણ થયેલોૅ હોય છે. જેમાં એક વિગતથી બીજી વિગતમાં સરળતાથી જઈ શોધી શકવાની અનુકૂળતા રહેલી હોય છે.

**વિડિઓ રેકોર્ડીંગ (Video Recording)**

વિડિઓ રેકોર્ડીંગમાં અવાજ (Sound), રંગીનચિત્રો (Colour Pictures) અને સજીવ દેખાતાં ચિત્રપટો (Animation) નો સમાવેશ થયેલોૅ હોય છે. વિડિઓ ટેપમાં રેકોર્ડીંગ થયેલાૅ ઘણાં બધાં માહિતી ચલચિત્રો ઉત્તમ માહિતી સ્રોત બનેલા હોય છે. આમાં પ્રસંગો/વિગતોનું ફક્ત વર્ણન જ નથી હોતું, પરંતુ તેને સંબંધિત સજીવ દેખાતાં ચિત્રોનું પણ હોય છે. આની વિદ્યાર્થીઓ અને બીજા પ્રેક્ષકોના મન પર ખૂબ જ સારી અસર પડે છે. ટીવી ચેનલો જેવી કે ડિસકવરી (Discovery) અને નેશનલ જિઑગ્રાફીક (National Geographic) મોટી માત્રામાં લોકપ્રિય છે. તેના કાર્યક્રમો પ્રાથમિક રીતે વિડિઓ રોકોર્ડીંગથી તૈયાર થાય છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

(2) પ્રબંધો શું છે ? લઘુપુસ્તકથી તે કઈ રીતે જુદા પડે છે ?

(3) હસ્તપુસ્તિકાઓ વિશે સરળ શબ્દોમાં સમજાવો.

(4) પ્રાદેશિક વાર્ષિકીઓના નામ જણાવો અને તેના વિષયવસ્તુનું વિગતવાર વર્ણન કરો.

(5) તાંત્રિક/ઔદ્યોગિક માનકોનો નિર્દેશ કરો અને કદ પરિમાણ માનકો અને પ્રમાણભૂત પરીક્ષણ પદ્ધતિનું વર્ણન કરો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

ii) એકમના અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(b) માહિતીના બીનપ્રલેખીય સ્રોતો (Non-Documentary Source of Information)**

માહિતીના બીનપ્રલેખીય સ્રોતો બે પ્રકારના હોય છે. દાત. માનવીય અને સંસ્થાઓ/સંગઠનો

- **માનવીય (Human)**

માનવીય સ્રોતો અંતર્ગત ઘણીબધી શ્રેણી છે, તેમ છતાં આપણે ફક્ત નીચે જણાવેલ શ્રેણીને ધ્યાનમાં લઈશું :

- સલાહકાર (Consultants)
- નિષ્ણાતો (Experts)
- રીસોર્સ પર્સન (Resource Persons)
- વિસ્તરણ કાર્યકારો (Ectention Workers)
- વેપારી પેઢીના પ્રતિનિધિઓ (Representatives of firms)
- તકનીકી પહેરેગીરો (Technological Gatekeepers)
- અદશ્ય કોલેજ (Invisible College)
- સામાન્ય માણસ (Common Man)

તમે આ બધાને જાણો જ છો, તેમ છતાં આપણે એક પછી એકનું ટૂંકમાં વર્ણન કરીશું.

**સલાહકાર (Consultants)** - સલાહકાર એ વ્યાવસાયિક હોય છે જે સામાન્ય રીતે નાણાં ચૂકવવાથી સલાહ પૂરી પાડે છે. સલાહકારોની વિવિધ શ્રેણી હોય છે જેમ કે કાયદાકીય સલાહકાર, ઇજનેરી સલાહકારો, દાક્તરી સલાહકારો અને એવા જ બધાં. અદાલતી કેસોમાં આપણે કાયદાકીય સલાહકારોની સલાહ લઈએ છીએ. કાર્યાલયોના મકાનોમાં, સિનેમા હૉલમાં, વગેરે જગ્યાએ એરકંડીશનના પ્લાન્ટ લગાવવા માટે આપણે તેના નિષ્ણાત ઇજનેરની સલાહ લઇએ છીએ. આપણી માંદગી દરમ્યાન આપણે દાક્તરની સલાહ લઈએ છીએ. આવા બધા જ કિસ્સાઓમાં આપણે સલાહકાર દ્વારા નક્કી કરવામાં આવેલી રકમ ચૂકવીએ છીએ.

**નિષ્ણાતો (Experts)** - નિષ્ણાતો એવી વ્યક્તિઓ હોય છે જે વિષયનું જ્ઞાન, કલા-કૌશલ્ય ધરાવતા હોય છે. ઘણા બધા પ્રસંગોએ આપણને તેમની મદદની જરૂર રહે છે. દાત. સંસ્થામાં માહિતી વૈજ્ઞાનિકની નિમણૂક કરવા આપણે નિષ્ણાતોના ઇન્ટરવ્યૂ બોર્ડની રચના કરીએ છીએ. તેઓ ઉમેદવારોનો ઇન્ટરવ્યૂ લે છે, જગા માટેની તેમની લાયકાત ચકાસે છે. અને અંતે તેમના જ્ઞાન, કુશળતા, લાયકાત અને અનુભવને આધારે ઉત્તમ ઉમેદવારની પસંદગી કરે છે. પુસ્તકના વર્ગીકરણ માટે ઘણી વખત વર્ગીકરણ કરનાર વ્યક્તિ પુસ્તકનો વિષય નક્કી કરી શકતો નથી. આવા કિસ્સામાં તે સામાન્ય રીતે વિષય નિષ્ણાતની મદદ લે છે.

**રીસોર્સ પર્સન (Resource Persons)** - 'રીસોર્સ પર્સન' નો સૂચિતાર્થ વિવિધ સંદર્ભો આધારિત હોય છે. સામાન્ય રીતે રીસોર્સ પર્સન કાર્યક્રમને સમૃધ્ધ બનાવે છે. ધારો કે તમે એક ટૂંકા ગાળાનાં કૉમ્પ્યૂટરાઇઝ ઇન્ડેક્સીંગના અભ્યાસક્રમનું આયોજન કરી રહ્યા છો. અહીં તમને એવા રીસોર્સ પર્સનની જરૂર પડશે કે જે અભ્યાસક્રમને મહત્ત્વની બૌદ્ધિક માહિતી પૂરી પાડતા હોય.

**વિસ્તરણ કાર્યકર્તાઓ (Extention Workers)** - 'વિસ્તરણ કાર્યકર્તા' શબ્દનો અર્થ વિવિધ સંદર્ભો આધારિત છે. દાત. ખેતીવાડી વિસ્તરણ કાર્યકર્તાઓ સંશોધનના પરિણામોને પ્રયોગશાળાથી ખેડૂતો સુધી પહોંચાડનારા મધ્યસ્થી બને છે. દાત. ખેતી વિષયક વિશ્વવિદ્યાલયે ઊંચી ગુણવત્તાવાળા ચોખાની જાતનો વિકાસ કરેલ છે. વિસ્તરણ કાર્યકર્તાઓ આ વિવિધ સુધારણા પદ્ધતિથી તાલીમ લઈને ખેડૂતોને તાલીમ આપે છે. તેમાંના ઘણા અશિક્ષિત પણ હોઈ શકે, પરંતુ વ્યાખ્યાન આધારે અને ખેતરોમાં નિદર્શન આપીને ખેડૂતોને સમજાવે છે. ખેતીની

ઉપજ સિવાય પણ વિસ્તરણ કાર્યકર્તાઓ પ્રાણીઓની ઉત્પાદન ક્ષમતામાં વધારો, સ્વસ્થ જીવનની પદ્ધતિઓ, કુટુંબ નિયોજન, સામાન્ય કરતાં ઓછી કિંમતના ઘર તૈયાર કરવા વગેરે બાબતોમાં મદદરૂપ બને છે.

**વેપારી પેઢીના પ્રતિનિધિઓ (Representatives of firms)-** આ પ્રતિનિધિ એ વ્યક્તિ હોય છે જે કોઈ પેઢીના વેચાણ વિકાસ અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ કર્મચારી હોય છે. સામાન્ય રીતે તે/તેણી હોંશિયાર, સારી રીતે બોલનાર, ક્યારેક એક કરતાં વધારે ભાષા જાણનાર, અન્ય વ્યક્તિઓને સહમત કરવાની ક્ષમતાવાળા અને પોતાની વસ્તુ જે બજારમાં મૂકવાની છે તેની મૂળભૂત બાબતોનું જ્ઞાન ધરાવતાં હોય છે. તે/તેણીની પ્રવૃત્તિ આ સિવાય વેચાણ વિસ્તરણ, બજારનો અભ્યાસ, પોતાના કાર્યક્ષેત્રના હરીફોને ઓળખવા, ભવિષ્યના ખરીદદારોની ભાળ મેળવવી વગેરે હોય છે.

**તકનીકી પહેરેગીરો (Technological Gatekeepers) -** તકનીકી પહેરગીરો એ કોઈ ચોક્કસ ક્ષેત્રની સારી જાણકારી ધરાવનાર વ્યક્તિ છે. કેટલાક વૈજ્ઞાનિકો, તકનીકો અને ધંધાકીય વ્યવસાયિકો વગેરેનું એવું વલણ (કદાચ જન્મજાત) હોય છે કે વિવિધ સ્રોતોમાંથી માહિતી એકઠી કરી, પોતાની પાસે ક્ષેત્રના વિકાસ માટે રાખવી અને આ માહિતીમાં રસ ધરાવતા વ્યક્તિ/સમૂહને તેનું પ્રસારણ કરે છે. તકનીકી પહેરગીરોને તાલીમ આપવા માટેનાં કોઈ ઔપચારિક અભ્યાસક્રમો હોતા નથી. મોટાભાગે સ્વયંસંચાલિત રીતે જ તેઓ તકનીકી પહેરગીરો તરીકે વિકાસ પામે છે. **Zagnoli [Internet 2] ના મત પ્રમાણે તકનીકી પહેરગીરો પાસે :**

(1) તકનીકી અધિકૃતતા, તકનીકી અને વૈજ્ઞાનિક વ્યવસાયિકપણાની ઊંચી ગુણવત્તા અને ચકાસી શકાય તેવી ઊંચી કક્ષાની કામગીરી (વૈજ્ઞાનિક પ્રકાશનો, ચર્ચા વિચારણા માટે મળેલી પ્રતિનિધિઓની બેઠક, આંતરિક સંબંધો, વગેરે)

(2) સંસ્થામાં ઔપચારિત ભૂમિકા (ક્યારેક તકનીકી પહેરગીરો સમૂહના સહનિર્દેશક અથવા પ્રોજેક્ટ મેનેજર)

(3) ધંધાના સામાન્ય પ્રશ્નો માટે પ્રાસ્તાવિક/પ્રસંગોચિત અને રચનાત્મક વલણ, અને

(4) કોઈ સમસ્યા અંગે ખુલ્લા અને રસ ધરાવતા વલણથી સહકાર્યકારો સાથે ચર્ચા.

**અદૃશ્ય મહાવિદ્યાલયો (Invisible Colleges) -** હકીકતમાં અદૃશ્ય કોલેજ એ કોલેજ નથી. કુદરતી તત્ત્વજ્ઞાન અને માનવ વિદ્યાના બીજા ભાગોમાં રસ ધરાવતા લગભગ 1645 જેટલાં વ્યક્તિઓના સમૂહે લંડનમાં Gresham College અથવા બીજે ક્યાંક 'Invisible College'ના નામે ખાનગી રીતે ચર્ચા માટે ભેગા થવાની શરૂઆત કરી. આ ચર્ચા સભામાં તેઓ સામાન્ય રીતે તેમની સંશોધન પ્રવૃત્તિ, તેના પરિણામો, તેના દ્વારા પ્રાપ્ત થતાં નવા સંશોધનના વિસ્તારો અને એવી બધી ચર્ચા કરતા. આ મહાવરો આજે પણ ચાલુ છે. હા, પણ ખાનગી રીતે નહીં પરંતુ ખુલ્લી ચર્ચા સભા જેમ કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંમેલનો જ્યાં એક જ વિદ્યાશાખાના વિદ્વાનો એકબીજા સાથે પરિચય મેળવે છે, કોણ શું કરે છે તેની જાણ મેળવે છે અને તેમના સંશોધનના ક્ષેત્ર, જે સમસ્યાઓનો સામનો કરે છે તે, છેલ્લાં પરિણામો વગેરેની ચર્ચા કરે છે. આ પરિચય ઘણી વખત મિત્રતામાં પરિણમે છે અને સતત એકબીજા સાથે તેમના પત્રવ્યવહારો, ફોન દ્વારા વાતચીત વગેરે થતાં રહે છે. આ રીતે આજના દિવસોમાં Invisible College રહેલી છે. જો કે હવે વ્યાખ્યાબધ્ધ કરી શકીએ કે Invisible College એ એકસરખી વિચારધારા ધરાવનારા લોકો એકબીજા સાથે પોતાના વિચારો, અનુભવ અને જ્ઞાનની આપ-

લે કરી શકે. એવું મુક્ત રીતે રચાયેલું મંડળ છે.

**સામાન્ય માણસ (Common Men) :** આપણી રોજબરોજની જિંદગીમાં સામાન્ય માણસ પાસેથી આપણે વિપુલ પ્રમાણમાં માહિતી મેળવીએ છીએ. રેલવે સ્ટેશન પહોંચીને આપણે પૂછપરછના કાઉન્ટર પરથી કયા પ્લેટફોર્મ પર ચોક્કસરીતે કઈ ટ્રેન મુકાશે તે જાણવાનો પ્રયત્ન કરીએ છીએ. કેટલીકવાર આપણે આ જ પ્રશ્ન કૂલીને પણ પૂછીએ છીએ. અને સામાન્ય રીતે તે સાચો જવાબ આપે છે. ધાર્મિક વિધિ માટે આપણે પૂરોહિત/પાદરી પાસે જઇએ છીએ. પંચાગના ઉપયોગ પછી તે આપણને તારીખ અને સમય જણાવે છે અને ધાર્મિક વિધિ માટે જરૂરી ચીજવસ્તુઓની યાદી પણ આપે છે. વસ્તી ગણતરી વખતે અથવા કોઇપણ રાષ્ટ્રીય, પ્રાન્તિક અથવા સ્થાનિક મોજણી વખતે સામાન્ય રીતે માહિતી ઘરની મુખ્ય વ્યક્તિ અથવા તેની ગેરહાજરીમાં બીજા કોઈ વડીલ પાસેથી માહિતી મેળવવામાં આવે છે. ગુનાની તપાસ વખતે પોલીસ અસર પામનાર વ્યક્તિ અથવા બનાવને નજરે જોનાર વ્યક્તિ પાસેથી માહિતી એકઠી કરે છે. આ રીતે આપણે જોયું કે કૂલી જેવો સામાન્ય માણસ પણ ઘણા કિસ્સામાં માહિતીના સ્રોત તરીકે કામ કરે છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

(6) શું સામાન્ય માણસ પણ માહિતીનો સ્રોત બની શકે છે ? જો હા, તો કયા પ્રકારની માહિતી માટે તમે સામાન્ય માણસનો સંપર્ક કરશો ? તમે તમારા અનુભવને આધારે જવાબ લખી શકો છો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## સંસ્થાઓ/સંગઠનો (Organizations)

સંસ્થાઓ/સંગઠનો પણ માહિતીનો મહત્ત્વનો સ્ત્રોત છે. સંસ્થાઓની વિવિધ શ્રેણી હોય છે. અને તે વિવિધ પ્રકારની માહિતી પૂરી પાડે છે. સંસ્થાઓ દ્વારા પૂરી પડાતી માહિતી સામાન્ય રીતે પ્રમાણભૂત માનવામાં આવે છે. અહીં આપણે સંસ્થાઓની નીચેની શ્રેણી દ્વારા વિવિધ પ્રકારની માહિતી જે માધ્યમ દ્વારા પૂરી પાડવામાં આવે છે તેની ચર્ચા કરવા જઈ રહ્યા છીએ.

- આંતરરાષ્ટ્રીય સંગઠનો
- સરકારીખાતા અને વિભાગો
- સંશોધન અને વિકાસની સંસ્થાઓ
- શૈક્ષણિક સંસ્થાઓ
- મંડળો
- પ્રકાશન ગૃહો
- પત્રકારો
- પ્રસારણ ગૃહો
- ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો
- સંગ્રહાલયો

- ❖ દફતરખાતું
- ❖ પ્રદર્શનો
- ❖ વેપારી મેળાઓ
- ❖ ડેટાબેઝ વિક્રેતાઓ
- ❖ માહિતી પૃથક્કરણ કેન્દ્રો
- ❖ નિર્દેશ કેન્દ્રો

- **આંતરરાષ્ટ્રીય સંગઠનો (International Agencies)**

  આ સંગઠનોને વ્યાપક રીતે બે જૂથ દ્વારા વિભાજીત કરી શકાય; આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક યુનાઇટેડ નેશન, UNESCO, FAO, WHO વગેરે આંતરરાષ્ટ્રીય સંગઠનોના ઉદાહરણો છે. બીજી બાજુ એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) સાઉથ એશિયન એસોશિયેશન ફોર રીજીયોનલ કોર્પોરેશન (SAARC) વગેરે પ્રાદેશિક સંગઠનોનાં ઉદાહરણો છે. આ બધા સંગઠનો વિવિધ સ્રોતો દ્વારા માહિતી ઉત્પન્ન કરે છે તેમજ માહિતી ભેગી કરે છે. અને ઈન્ટરનેટ ઉપર માહિતીનું વિસ્તરણ કરે છે, વિવિધ સ્રોતો દ્વારા માહિતી ઉત્પન્ન કરે છે તેમજ માહિતી ભેગી કરે છે, વિવિધ પ્રકાશનો તૈયાર કરે છે. દાત. યુનેસ્કો દુનિયાના જુદા જુદા સભ્ય દેશો પાસેથી શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંસ્કૃતિ અને સંદેશાવ્યવહારની માહિતી ભેગી કરે છે. આ માહિતી દ્વારા આંકડાશાસ્ત્રીય કોઠાઓનું સંકલન કરવામાં આવે છે અને Unesco Statistical Yearbook નામના પુસ્તકમાં જે માહિતી મેળવવા માટેનો મહત્ત્વનો સ્રોત છે. તેમાં પ્રકાશિત કરવામાં આવે છે. તે જ રીતે Aisan Development Bank 40 જેટલા વિકસતા દેશો પાસેથી સામાજીક-આર્થિક માહિતી ભેગી કરે છે અને Key Indicators માં પ્રકાશિત કરે છે. જે ઓનલાઈન પણ પ્રાપ્ય બને છે.

- **સરકારી ખાતા અને વિભાગો (Government Ministries and departments)-** સરકારી ખાતા અને વિભાગો માહિતીનું ફક્ત નિર્માણ જ નથી કરતા પરંતુ તેમના પોતાના સ્રોત દ્વારા ઉપયોગમાં લેવાતી માહિતીને એકઠી પણ કરે છે. તેમ છતાં ખૂબ જ પ્રમાણભૂત અને અદ્યતન માહિતીના સ્રોત તરીકે તે વર્તે છે. દા.ત. જો કોઈ વ્યક્તિ દેશના માનવ સંસાધન વિકાસ (Human Resource Development-HRD) અંગેના 10માં પ્લાનના ખર્ચના વર્તમાન આંકડામાં રસ ધરાવતા હોય તો તે/તેણીએ આંકડાઓ માટે HRD ખાતાનો સંપર્ક કરવાનો રહે છે. જે આંકડાઓ દ્વિતીય સ્રોતમાંથી પ્રાપ્ત થાય છે તે અદ્યતન થાય છે તે અદ્યતન હોતા નથી. તે જ રીતે વિશાળ વિવિધતાવાળી માહિતી માટે સરકારી ખાતાઓ અને વિભાગોનો સંપર્ક કરવો પડે છે. માહિતી પ્રસારણ વિભાગ (Press Information Bureau) એ ભારત સરકારની સંકલન સંસ્થા છે, જે સરકારની નીતિઓ, કાર્યક્રમો, સાહસો અને સિદ્ધિઓ વગેરે માહિતીનું માધ્યમોને પ્રસારણ કરે છે. [India 2001 : p.275]

- **સંશોધન અને વિકાસની સંસ્થાઓ (Research and development Organisations)** - સંશોધન પ્રયોગશાળાઓ, સંસ્થાઓ વગેરે સંશોધન દ્વારા માહિતી ઉત્પન્ન કરે છે. સંશોધન પેપરો, ટૂંકા સંદેશાવ્યવહાર વગેરે દ્વારા આ માહિતી પ્રકાશિત થતી હોય છે. જ્યારે વૈજ્ઞાનિક રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરે છે, ત્યારે વૈજ્ઞાનિક જે સંસ્થામાં કામ કરે છે ત્યાં સંદેશા વ્યવહાર (Media)ના માણસો મોટી સંખ્યામાં તેમની માહિતી એકઠી કરવા ભેગા થાય છે. વૈજ્ઞાનિકની જીવનચરિત્ર માહિતી, નોકરી/સેવાનું રેખાચિત્ર, પત્ર વ્યવહારો, છબીઓ, પ્રયોગશાળાની નોંધપોથી અને બીજી ઘણી માહિતી જેવી કે વૈજ્ઞાનિકના સંશોધન વિશેની વગેરે સંશોધન અને વિકાસ સંસ્થા દ્વારા મેળવે છે.

- **શૈક્ષણિક સંસ્થાઓ (Academic Institutions)** - વિશ્વ વિદ્યાલયો, મહા વિદ્યાલયો, વ્યવસાયિક શિક્ષણ આપતી સંસ્થાઓ, શાળાઓ વગેરે શૈક્ષણિક સંસ્થાઓ છે. આ સંસ્થાઓ

તેઓ જે ઘણા બધા અભ્યાસક્રમો ચલાવે છે તેના દરેક પાઠ્યક્રમ, અભ્યાસનો સમયગાળો, ફી, શિક્ષક/પ્રાધ્યાપક સભ્યો વગેરેની માહિતી પૂરી પાડે છે. તેઓ દરેક વિદ્યાર્થીને તે/તેણીનો પ્રવેશ, સંસ્થા છોડયાની તારીખ, જુદી-જુદી પરીક્ષાના પરિણામો, રમતગમતમાં તેમનું કૌશલ્ય વગેરે અતિ મહત્ત્વની વિગતોનો સમાવેશ કરે છે. શિક્ષકો/પ્રાધ્યાપકો વિશેની વિવિધ માહિતી પણ પ્રાપ્ત બને છે. કેટલીકવાર શિક્ષકો/પ્રાધ્યાપકો વિશેની વિવિધ માહિતી પણ પ્રાપ્ય બને છે. કેટલીકવાર શિક્ષકો/પ્રાધ્યાપકો અને અન્ય કર્મચારી સભ્યોનાં ફોટોગ્રાફ પણ ઉપલબ્ધ હોય છે. એકઠી કરેલી જીવન ચરિત્રાત્મક માહિતી/સાહિત્ય મેળવવા સંસ્થાઓ ઘણી બધી મદદ પૂરી પાડે છે.

- **મંડળો (Societies) :** સોસાયટી અને એસોશિએશન વગેરે સમાનાર્થી શબ્દો છે. તે પ્રમાણે Society of Information Science (SIS), Indian Library Association (ILA), Indian Assocoation of Special Libraries and Information Centres (IASLIC) આ બધા જ મંડળો છે. IASLIC ઘણા સમય પહેલાથી કેટલાંક પ્રલેખન કાર્યો સારી રીતે કરે છે. તે પ્રશ્નોના જવાબ આપવા, વાઙ્‌મયસૂચિઓનું સંકલન કરવું, પ્રલેખની નકલ પૂરી પાડવી અને કેટલીક પરદેશી ભાષાઓમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરવો વગેરે કાર્યો જરૂર પડે આવશ્યકતા અનુસાર કરે છે. કેટલાંક મંડળો ઘણાં જૂના છે અને તેના દસ્તાવેજો ઊંચા દરજ્જાના સમૃદ્ધ માહિતીના સ્રોત છે. દાત. Royal Society of London ની સ્થાપના 1662માં થઈ ત્યારે ઇંગ્લેંડના ઘણાં બધા ઉચ્ચ કોટિના વૈજ્ઞાનિકો જેવા કે Robert Boyle તેના સભ્યો હતા. તેણે મેં 1665થી Philosophical Transactions પ્રકાશિત કરવાનું શરૂ કર્યું હતું, જે બધા સમયે ઉચ્ચ કક્ષાનું વૈજ્ઞાનિક સામયિક હતું. Royal Society અને Philosophical Transaction એ બંને આજે પણ અસ્તિત્વ ધરાવે છે. લગભગ સાડા ત્રણ સદીથી દુનિયાની ઉચ્ચ કક્ષાના મોટા ભાગનાં વૈજ્ઞાનિકો આ મંડળ સાથે સંકળાયેલા છે. કોઈપણ બહુ સરળતાથી કલ્પના કરી શકે કે મંડળની કિંમતી માહિતી દુનિયાના 340 વર્ષના વૈજ્ઞાનિક વિકાસમાં ઘણો મહત્ત્વનો ફાળો આપે છે. વિજ્ઞાનના ઇતિહાસકારો માટે આ મંડળ અમૂલ્ય માહિતીનો સ્રોત છે.
- **પ્રકાશન ગૃહો (Publishing House) :** પ્રકાશન ગૃહો પુસ્તકો, સામયિકો, નકશાઓ, નકશાપોથીઓ અને વિવિધ અન્ય પ્રલેખોને પ્રગટ કરે છે. અને તેઓ લેખકો સાથે નજીકથી જોડાયેલા હોય છે. ધીમે ધીમે પ્રકાશન ગૃહો લેખક દ્વારા આપવામાં આવેલી હસ્તપ્રતો, તેમના દ્વારા લખાયેલ પત્રો, પુસ્તકોમાં આપવામાં આવેલા ચિત્રો વગેરેનાં ભંડારમાં પરિવર્તિત થઈ જાય છે. એ વખતે આ બધી વિગતો માહિતીના સ્રોત તરીકે ઉપયોગી બને છે. એ વખતે આ બધી વિગતો માહિતીના સ્રોત તરીકે ઉપયોગી બને છે. તે ઉપરાંત કેટલાંક પ્રકાશકો ડેટાબેઝ તૈયાર કરે છે અને માહિતી સેવાઓ સારી રીતે આપવાની તૈયારી બતાવે છે. દાત. દુનિયાભરમાં અંગ્રેજી શબ્દકોશ માટેનાં ખ્યાતનામ પ્રકાશક ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ (OUP) પાસે નવા શબ્દોનો ભંડાર છે, જેનો ઉપયોગ બધા જ ઑક્સફર્ડ શબ્દકોશની સુધારેલી આવૃત્તિ વખતે કરવામાં આવે છે. OUP પાસે Oxford Word and Language Service (OWLS) પણ ઉપલબ્ધ છે, જેના દ્વારા શિક્ષકો, લેખકો, વિશિષ્ટ સંસ્થાઓ અને એવા બધા દ્વારા લગતા પ્રશ્નોનો ઉત્તર આપવામાં આવે છે.
- **પત્રકાર/પ્રેસ (Press) :** આ મથાળાં નીચે આપણે સમાચાર એજન્સીઓ જેવી કે 'પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા' અને સમાચાર પત્ર પ્રકાશન ગૃહ જેવાં કે 'ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'નો સમાવેશ કરી શકીએ. સમાચાર એજન્સી અને સમાચાર પત્ર પ્રકાશન ગૃહ બંને એકબીજા સાથે સંકળાઈને અદ્યતન માહિતીનો ફેલાવો/પ્રસાર કરે છે. સમાચારપત્ર પ્રકાશન ગૃહો અલગ-અલગ નિયત સમયે જેમ કે દૈનિક, અઠવાડિયે ત્રણ વાર, અઠવાડિયે બે વાર પ્રકાશિત થતાં પત્રોનું પ્રકાશન બહાર પાડે છે. આ પ્રકાશન ગૃહોમાં ફક્ત સમાચારપત્રોનું જ સંકલન

થતું નથી. પરંતુ ફોટોગ્રાફ, વિડિઓ ક્લીપીંગ્સ વગેરેનું પણ સંકલન ક્રમશઃ કરવામાં આવે છે અને સમય જતાં દેશના ઇતિહાસ, વ્યક્તિઓના જીવનચરિત્રો વગેરે સાથે સંશોધન કરતાં વ્યક્તિઓ માટે આ મહત્ત્વનો માહિતીનો સ્રોત બને છે. દાત. જો કોઈ વ્યક્તિ ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસનું લેખન/સંશોધન કરતું હોય તો સમાચારપત્ર પ્રકાશનગૃહનું દફતરખાતું તે/તેણીને વિશાળ મદદ પૂરી પાડી શકે છે.

- **પ્રસારણ ગૃહો (Broadcasting Houses)** - આપણા દેશમાં બે ખાનગી ટ્રાન્સમીટર દ્વારા મુંબઈ અને કલકત્તામાં 1927માં રેડિયો પ્રસારણ શરૂ થયેલું. 1930માં બ્રિટીશ સરકાર દ્વારા તેના પર નિયંત્રણ કરવામાં આવ્યું અને ભારતીય પ્રસારણ સેવા (Indian Broadcasting Service)ના નામથી સેવા શરૂ કરવામાં આવી. આ નામ બદલીને 1936માં 'ઓલ ઈન્ડિયા રેડિયો' અને 1957માં 'આકાશવાણી' રાખવામાં આવ્યું. ત્યારથી આપણા દેશમાં સ્વતંત્રતા સમયે ક્રમશઃ 6 થી શરૂ કરીને 2000ના વર્ષ સુધીમાં લગભગ 200 જેટલાં રેડિયો સ્ટેશન શરૂ કર્યા. [India 2001:p264]

  ભારતમાં ટેવિવિઝન 15 સપ્ટેમ્બર 1959, આકાશવાણી ભવન, નવી દિલ્હીથી શરૂ થયું. 1665થી સમાચાર બુલેટીનની નિયમિત સેવા ચાલુ કરવામાં આવી. પ્રસારણ સેવા 1972માં મુંબઈ, 1975માં કલકત્તા અને ક્રમશઃ ભારતનાં બીજા શહેરોમાં શરૂ કરવામાં આવી. વર્ષ 2000ના અંત સુધીમાં 'દૂરદર્શન' આપણાં રાષ્ટ્રીય ટેલિવિઝને નેટવર્ક દ્વારા 1000થી પણ વધુ રેડિયો સ્ટેશન અને 87% વસ્તીને આવરી લીધાં છે. [India 2001 : p270] ભારતમાં 1970થી એજન્સીઓ દ્વારા ટેલિવિઝન પ્રસારણ ચાલુ થયું અને આજે લગભગ 200 જેટલી ટેલિવિઝન ચેનલો વિવિધ કાર્યક્રમોનું પ્રસારણ કરે છે. કેટલીક જાણીતી ખાનગી એજન્સીઓ જેવી કે Zee, Sony, Star Tv, NDTV, Aaj Tak વગેરેનાં નામો છે. ઘણા બધા રેડિયો અને ટીવી પ્રસારણ ગૃહો પ્રધાનો, રાજકીય આગેવાનો અને અન્ય VIPઓ દ્વારા થતાં અગણિત ભાષણો, જાહેર ચર્ચાઓ અને વાદવિવાદોનાં સંકલનો, પ્રખ્યાત ગાયકો અને સંગીતકારોનાં સંગીત સંકલનો, દસ્તાવેજી અને લાંબા ચલચિત્રો, ઓડિયો ટેપ, વિડિઓ ટેપ, વિડિઓ સીડી, ઓડિયો સીડી, સ્ટીલ ચિત્રો વગેરેનો અમૂલ્ય માહિતીનો સ્રોત ધરાવતા હોય છે. મોટાભાગની આ એજન્સીઓ પાસે વિવિધ ઉપયોગકર્તાઓને સામાન્ય રીતે તેમનાં કર્મચારીઓને માહિતી પૂરી પાડવા માટે તેમનું પોતાનું ગ્રંથાલય હોય છે. [Thakur, 2004]

- **ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રો [Libraries and Information Center (LICs)]** તમે બધા જ તમારા અનુભવ અને અભ્યાસથી LICs સાવ સામાન્ય માહિતી સ્રોત તરીકે બધાને કેવી રીતે માહિતી પૂરી પાડવાનું કામ કરે છે તે જાણો છો. સંશોધકો, વિદ્વાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સામાન્ય માણસોનો મોટો સમુદાય તેમને જરૂરી એવી વિવિધ પ્રકારની માહિતી માટે ગ્રંથાલયોનો ઉપયોગ કરે છે.

- **દફતરખાતું (Archives)**- દફતરખાતું એ 'ઐતિહાસિક પ્રલેખોનો સંગ્રહ અથવા સરકાર, કુટુંબ, સ્થળ, સંસ્થા વગેરેના કાયમી સ્વરૂપમાં નોંધી રાખેલી હકીકતોનું કેન્દ્ર છે.' [Hornby : p52] દસ્તાવેજની એક વિશિષ્ટ લાક્ષણિકતા છે કે તે નક્કર હકીકતો દર્શાવતા પ્રલેખનું ફાઈલ સ્વરૂપ હોય છે. સામાન્ય રીતે પુસ્તકોમાં જેમ પ્રતિકૃતિ (ડુપ્લીકેટ) હોય છે તેમ અહીં બનતું નથી. પુસ્તકો હજારોની સંખ્યામાં છપાય છે. જો એક નકલ ગુમ થાય તો દુનિયામાં તેની ઘણી બધી નકલો પ્રાપ્ય બને છે. આમ દસ્તાવેજની ફાઇલ સાથે બની શકતું નથી. કેટલાંક કિસ્સાઓમાં આ ફાઇલની વિષયવસ્તુની સાચવણી માટે માઈક્રોફીલ્મ બનાવવામાં આવી હોય તો ચોક્કસ તે ફરીથી પ્રાપ્ય થઈ શકે છે.

  આપણે ત્યાં રાષ્ટ્રીય તેમજ રાજકીય દસ્તાવેજો હોય છે. 'નેશનલ આર્કાઇવઝ ઓફ ઇન્ડિયા'ની રચના 1891માં 'ઇમ્પીરીયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટ' તરીકે થઈ હતી. 'તે ભારત સરકાર અને પૂરોગામીઓનાં બધા જ અદ્યતન ના હોય તેવા અને જે કાયમી મૂલ્ય ધરાવતા હોય તેવા

દસ્તાવેજોનાં અધિકૃત અહેવાલ છે તે એશિયાની દસ્તાવેજ ભંડારની અગ્રેસર સંસ્થા છે. જેના દસ્તાવેજો 30 કિલોમીટર જેટલી લંબાઈ અને એક સરખી પહોળાઈ ધરાવતી અભરાઈ/છાજલી જેટલી જગામાં ફેલાયેલ છે.' દફતરખાતાનાં ગ્રંથાલયમાં આશરે 2,00,000 જેટલાં વૉલ્યુમનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

- **સંગ્રહાલયો (Museus)** - સંગ્રહાલયો એ 'એવી ઈમારત છે કે જ્યાં ઐતિહાસિક, વૈજ્ઞાનિક કલાત્મક અથવા સાંસ્કૃતિક રસ ધરાવતા જોઈ શકાય/સ્પર્શી શકાય તેવા પદાર્થોનો સંગ્રહ અને પ્રદર્શન' હોય છે. [Pearsall:p.939] વિષયના અભિગમથી જોઈએ તો સંગ્રહાલયો બે પ્રકારનાં હોય છે : સામાન્ય અને વિશિષ્ટ સામાન્ય સંગ્રહાલયો જ્ઞાનની વિવિધ શાખાઓમાં જોઈ શકાય/સ્પર્શી શકાય તેવા પદાર્થોનો સંગ્રહ કરતા હોય છે. દાત. 'ઇન્ડિયન મ્યુઝિયમ ઑફ કલકત્તા' એ સામાન્ય સંગ્રહાલય છે અને તેમાં પૂરાતત્ત્વ વિદ્યા, કળા, વનસ્પતિશાસ્ત્ર, માનવશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, સિક્કાશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વગેરેનો સંગ્રહ ધરાવે છે. વિશિષ્ટ સંગ્રહાલય ચોક્કસ વિષયને સમર્પિત હોય છે. દાત. દિલ્હીમાં આવેલું આપણું 'નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હીસ્ટ્રી' જે વિશિષ્ટ સંગ્રહાલય છે, જે નેચરલ હીસ્ટ્રીને સંબંધિત હોય બાબતોનું પ્રદર્શન કરે છે.

સંગ્રહાલયોના માલિકીપણાને ધ્યાનમાં લેતાં સરકારી અને ખાનગી/અંગત માલિકી-સંગ્રહાલય એમ પ્રકાર પાડી શકાય. આપણા દેશમાં સરકારી માલિકીનાં સંગ્રહાલયમાં રાષ્ટ્રીય અને રાજકીય સંગ્રહાલય છે. નેશનલ મ્યુઝિયમ ઑફ ઈન્ડિયા પ્રથમ શ્રેણીમાં અને આસામ મ્યુઝિયમ બીજી શ્રેણીમાં આવે છે. 'Asutosh Museum of India Art' એ ખાનગી/અંગત માહિતીનું સંગ્રહાલય છે, જેની માલિકી યુનિવર્સિટી ઑફ કલકત્તાના હાથમાં છે.

હવે આપણે જોઇએ કે સંગ્રહાલયો કેવી રીતે માહિતીના સ્રોત તરીકે કામ કરે છે. સંગ્રહાલયો હજારોની સંખ્યામાં પદાર્થોનું પ્રદર્શન કરે છે. દરેકની ટૂંકમાં વિગતો પણ આપવામાં આવે છે. મોટાભાગે તમે તમારી રીતે જોઈ શકો છો અને પદાર્થોની વિવિધ લાક્ષણિકતાઓ નોંધી શકો છો. કેટલીકવાર પદાર્થની વિગતવાર માહિતી તમે સંગ્રહાલયના અધિકારી પાસેથી અથવા તેમના દ્વારા પ્રકાશિત થયેલ પ્રકાશન દ્વારા જાણી શકો છે. દાત. બ્રિટીશ મ્યુઝિયમે પ્રખ્યાત ગુલાબી પત્થરો પરથી પુસ્તિકા બહાર પાડેલી, પ્રાચીન ઈજિપ્તના લોકોએ તેમની ઘણી બધી ઘટનાઓ અને હકીકતોની નોંધ, જે શબ્દ કે અક્ષર માટેની વસ્તુની આકૃતિ કે ચિત્રની સાંકેતિક ભાષાના અર્થે ઉકેલવા માટેની લિપિ જેના ઉપયોગની ચાવીરૂપ છે. મ્યુઝિયમ દ્વારા 1986માં બીજુ ઉપયોગી પ્રકાશન The British Museum and its Collection બહાર પાડવામાં આવેલ છે.

પ્રદર્શનો અને **વેપારીમેળાઓ (Exhibitions and Trade fairs)** - પ્રદર્શનો એ કળાના પદાર્થો, હસ્તકળાઓ, ઔદ્યોગિક ઉત્પાદનો વગેરેનો સંગ્રહ હોય છે. સામાન્ય રીતે પ્રદર્શનો વિશિષ્ટ પ્રસંગોએ ટૂંકાગાળા માટે યોજવામાં આવે છે. દાત. ગાંધીજીના જન્મદિવસે ગ્રંથાલયો ગાંધીજીના અને ગાંધીજી ઉપરનાં લખાણો, તેમના ફોટોગ્રાફ્સ, તેમને લગતા સમાચારપત્ર કતરણો વગેરેનું પ્રદર્શન યોજી શકે. આ પ્રકારનાં પ્રદર્શનો ઉચ્ચ માહિતી પૂરી પાડવામાં અને કોઈને સારી માહિતી મેળવી આપતા બની રહે છે.

એ જોઈ શકાય છે કે બધા જ પ્રદર્શનો એકસરખા માહિતીસભર હોતા નથી. દાત. ચિત્રકાર કે શિલ્પકાર દ્વારા વ્યક્તિગત રીતે પોતાના પ્રદર્શનો ગોઠવવામાં આવ્યા હોય ત્યારે તે તેમની પોતાના કામ અને તેના વેચાણની પ્રસિદ્ધિ માટે હોય છે.

વ્યાપારીમેળાઓ તેના નામ પ્રમાણે વેપાર અને સંસ્થાઓ દ્વારા ખુલ્લી જગ્યામાં ચોક્કસ સમયગાળા માટે જે એક અઠવાડિયા અથવા વધુ, કોઈક કિસ્સામાં તેથી ઓછા સમય માટે પણ ગોઠવવામાં આવે છે. ઘણાં કિસ્સામાં આ વ્યાપારી મેળાઓ આંતરરાષ્ટ્રીય હોય છે. અને દુનિયામાં વિવિધ દેશોમાંથી સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હોય છે. ઘણાં બધા ઉત્પાદકો તેમની પ્રોડક્ટનું કેટલોગ તૈયાર કરતા હોય છે જેમાં પ્રોડક્ટની વિશિષ્ટતાઓ, તેની વિવિધ

આકૃતિ અને ચિત્રો (કેટલીકવાર રંગીન) સાથે આપવામાં આવેલ હોય છે. આ કેટલોગ પ્રાથમિક કક્ષાનો માહિતી સ્રોત છે અને તેનું નિઃશુલ્ક રીતે ભાવિ ગ્રાહકોને આપવામાં આવે છે. નાના ઉત્પાદકો પણ તેમની પ્રોડક્ટની વિગતો સાથેનું ચોપાનિયું, પુસ્તિકા વગેરે બહાર પાડે છે. આના લીધે વ્યાપારી મેળાઓ ખરીદ કરનારાઓ માટે માહિતીનો મોટો સ્રોત પૂરો પાડે છે. તેઓ પ્રોડક્ટને જોઈ શકે છે. ઘણા બધા ઉત્પાદકોની મુલાકાત લઈ શકે છે, પ્રોડક્ટની ગુણવત્તા, કિંમત, વિશિષ્ટતાઓ વગેરેની સરખામણી કરી શકે છે અને અંતમાં તે પોતાને માટે કઈ પ્રોડક્ટ વધુ ઉત્તમ છે તેનો નિર્ણય લઈ શકે છે. આપણાં દેશમાં થયેલાં હજારો પુસ્તક પ્રદર્શનો પણ વ્યાપારી મેળા છે.

- **માહિતી પૃથક્કરણ કેન્દ્રો (Information Analysis Centers)** આપણે જ્યારે માહિતી કેન્દ્રોની વાત કરીએ છીએ તેનો અર્થ એ કે સંગઠનો/સંસ્થાઓ માંગ થવાથી માહિતી પૂરી પાડે છે. ધારો કે કોઈ વ્યક્તિને કોઈ ચોક્કસ સ્થળના બંધ (Dam)ના બાંધકામ અંગેની પક્ષપાતી અને વિરોધી કે ઊપજાવી કાઢેલી માહિતી જોઇએ છે. માહિતીકેન્દ્ર બંધ અંગેની જે સમાચાર-વિગતો અને અન્ય માહિતી હોય તે પૂરી પાડશે. તે માહિતીનું પૃથક્કરણ, મૂલ્યાંકન અને સમન્વય કરશે નહીં. બીજી બાજુ, આ જ માહિતી જો માહિતી પૃથક્કરણ કેન્દ્ર પાસે માંગવામાં આવી હોય તો તે સંબંધિત માહિતી ડેટાબેઝ,ઈન્ટરનેટ અને બીજા સ્રોતમાંથી પસંદ કરશે, મેળવશે, પછી તેને ચોક્કસ શ્રેણીમાં વર્ગીકૃત કરશે જેમ કે :(i) બાંધકામને ટેકો/માન્યતા આપતી (ii) બાંધકામનો વિરોધ/પ્રતિકાર કરતી વિગતો (iii) કુદરતી અવલોકન/નિરીક્ષણની વિગતો. તે પછીના તબક્કે વર્ગીકૃત કરેલ સાહિત્યનું નિષ્ણાત દ્વારા અભ્યાસ કરવામાં આવે છે અને તેઓ માહિતીનું નિષ્ણાત દ્વારા અભ્યાસ કરવામાં આવે છે અને તેઓ માહિતીનું પૃથક્કરણ, મૂલ્યાંકન કરે છે અને અંતે માહિતીનું સમન્વય કેટલીકવાર પોતાના મંતવ્યો (inputs) સાથે કરે છે. તે નિશ્ચિત હોય છે કે આપવામાં આવેલી માહિતી અધિકૃત અને અતિમહત્ત્વની હોવાથી નિર્ણય લેતી વખતે ખૂબ ઉપયોગી બને છે.

  દુનિયામાં ઘણાબધા માહિતી પૃથક્કરણ કેન્દ્રો આવેલાં છે. દાત. ધ કાર્બન ડાયોક્સાઈડ ઈન્ફર્મેશન એનાલિસિસ સેન્ટર (CDIAC) દ્વારા અમેરિકાના ડીપાર્ટમેન્ટ ઓફ એનર્જી (DOE) ને વૈશ્વિક ફેરફારના પ્રાથમિક ડેટા પૂરા પાડે છે. ગ્રીનહાઉસ અસર અને વૈશ્વિક તાપમાન ફેરફારોની ચિંતા કરતી વ્યક્તિઓ દ્વારા આવી માહિતી સેન્ટરોને પ્રાપ્ત થતી હોય છે. [Internet3]

- **નિર્દેશકેન્દ્રો (Referral Centers) :**

  નિર્દેશકેન્દ્રો એવા સંગઠન/સંસ્થાઓ છે કે માહિતી માંગનારાઓને તેમને જોઇતી માહિતી માટેના સ્રોત ક્યાંથી મળશે, જેમ કે ગ્રંથાલયો, માહિતીકેન્દ્રો અને વ્યક્તિગત તે માટેનાં નિર્દેશ કરે છે. નિર્દેશકેન્દ્રો સામાન્ય રીતે માહિતી કે પ્રલેખો પૂરા પાડતા નથી.

- **ઈન્ટરનેટ (Internet) :**

  ઈન્ટરનેટ પણ અપ્રલેખીય (Non-Documentary) માહિતી સ્રોત છે. જો કે તે સંસ્થા/સંગઠન પણ નથી અથવા તો તે માનવીય પણ નથી. તેમ છતાં તેનું અલગથી વિવરણ કરવામાં આવે છે. હવેના દિવસોમાં ઈન્ટરનેટ એ માહિતી મેળવવા માટેનો ખૂબ મહત્ત્વનો સ્રોત બની રહેશે. કોઇપણ પ્રકારની માહિતી આપણે ઈન્ટરનેટ પરથી શોધી શકીએ છીએ. અને તે હકીકત છે કે આપણને કંઇ ને કંઇ કામની માહિતી ઈન્ટરનેટ પરથી મળી રહે છે. હકીકતમાં ઈન્ટરનેટ આપણને એક મહત્ત્વની સગવડ પૂરી પાડે છે, અને તે એ છે કે ઘરે બેસીને દુનિયાના કોઇપણ ખૂણાની માહિતી શોધી શકાય છે.

### 5.3.2 વિષયવસ્તુને આધારે માહિતી સ્રોત (Information Sources by Content)

માહિતી સ્રોતો : વર્ગ પ્રમાણે / વર્ગ આધારિત
**Information Sources : Categorisation**

માહિતીસ્રોતને વિષયવસ્તુને આધારે પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય શ્રેણીમાં વર્ગીકૃત કરી શકાય. આ શ્રેણીબદ્ધ વિભાજન મુખ્યત્વે વૈજ્ઞાનિક સાહિત્ય માટે હોય છે. આપણે અહીં તેમને તે જ ક્રમમાં રાખીશું.

**(a) પ્રાથમિક કક્ષાના સ્રોતો (Primary Sources)**

પ્રાથમિક સ્રોતોમાં સામાન્ય રીતે મૂળભૂત વૈજ્ઞાનિક લેખો, જેનો અગાઉ ક્યાંય પણ સમાવેશ થયેલોં હતો નથી, તેમનો સમાવેશ અહીં થાય છે. દુનિયા સમક્ષ મૂકાયેલ મૂળભૂત સંશોધનનું સૌપ્રથમ વારનું વૃતાન્ત હોય છે. આ વૃતાન્ત એ સંપૂર્ણ રીતે નવું સંશોધન અથવા શોધ, અગાઉ મળેલ હકીકતોનું નવું અર્થઘટન, કોઈ પદાર્થની નવી પ્રસ્તુતતા, યોજના, વસ્તુની બનાવટની નવી પ્રક્રિયા, રાસાયણિક પૃથક્કરણની નવી પદ્ધતિ વગેરેનો સમાવેશ થયેલ હોય છે.

પ્રાથમિક સ્રોત તરીકે જે પ્રલેખોના પ્રકાર ગણનાપાત્ર છે તેમાં સંશોધન સામયિકો, તકનીકી અહેવાલ, સંમેલન પ્રલેખો, મહાનિબંધો/પ્રબંધો, એક સ્વાધિકાર, માનકો, વ્યાપારી સાહિત્ય, પ્રયોગશાળા નોંધપોથી, વૈજ્ઞાનિકની રોજનીશી, પત્રવ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે.

**(b) દ્વિતીય કક્ષાના સ્રોતો (Secondary Sources)**

આ સ્રોતોમાં પ્રાથમિક સ્રોતોમાંથી ઉદ્ભવેલ સામગ્રીનો સમાવેશ થાય છે. અને તે ચોક્કસ કોઈ ક્રમમાં સંગઠિત અથવા ગોઠવાયેલી હોય છે. દાત. નિર્દેશીકરણ સામયિકો દ્વિતીય કક્ષાના સ્રોત છે. જેમાં નોંધાયેલી મોટાભાગની માહિતી પ્રાથમિક કક્ષાના સ્રોતોમાંથી જેવાં કે સંમેલન પ્રલેખો, પ્રાથમિક સામયિકો વગેરેમાંથી મેળવેલા હોય છે. આ સ્રોતો વિવિધ પ્રાથમિક કક્ષાના સ્રોતોમાંથી એક વિષયના વેર વિખેર સાહિત્યને એક જગ્યાએ ભેગા કરીને મૂકે છે. આ માહિતી ફક્ત નિર્દેશો/અવતરણો, સાર, અવલોકન અથવા લોકપ્રિય લેખો સ્વરૂપે પણ હોઈ શકે છે. દ્વિતીય કક્ષાના સ્રોતોએ પ્રાથમિક કક્ષાના સ્રોતોની સાચી ચાવી છે. દ્વિતીય કક્ષાના સ્રોતોમાં જે પ્રલેખોનો સમાવેશ થાય છે તે, વાઙ્મયસૂચિઓ,નિર્દેશીકરણ સામયિકો, સારકરણ સામયિકો, અવલોકન સામયિકો, પાઠ્યપુસ્તકો, લઘુપુસ્તકો, પ્રબંધો, અને સંદર્ભ પુસ્તકો જેવાં કે શબ્દકોશો, વિશ્વકોશો, હસ્તપુસ્તિકાઓ, પરિચય, પુસ્તિકાઓ, હકીકત આધારિત પુસ્તકો, સૂચિપત્રકો, જીવનચરિત્રકોશ, ભૌગોલિક કોશ, માર્ગદર્શિકાઓ, નકશાઓ, નકશાપોથીઓ, પૃથ્વીનો ગોળો વગેરેનો સમાવેશ થાય છે.

**(c) તૃતીય કક્ષાના સ્રોતો (Tertiary Sources)**

તૃતીયકક્ષાના સ્રોતો ત્રણ પ્રકારનાં હોય છે. (1) એવા સ્રોતો જે સંપૂર્ણપણે દ્વિતીયકક્ષાના સ્રોતોને આધારે હોય છે. દાત. વાઙ્મયસૂચિઓની વાઙ્મયસૂચિ, (2) એવા સ્રોતો જે પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના સ્રોતોની ચાવી છે, દાત. સંદર્ભસ્રોતોની માર્ગદર્શિકા અને (3) સ્રોતો જેમ કે સંશોધન પ્રગતિ અહેવાલ.

### 5.3.3 માહિતી સ્રોત અને તેના માધ્યમ પ્રમાણે (Information Sources by Media)

માહિતી સ્રોતોને માહિતી આપનારા આધારે પણ વર્ગીકૃત કરી શકાય છે. દાત. મુદ્રિત માહિતી આપનારા સાધનો અને અમુદ્રિત માહિતી આપનારા સાધનો આ બંનેનો આ અભ્યાસક્રમના એકમ નં-6માં પર્યાપ્ત રીતે સમાવેશ કરેલ છે.

## 5.4 સારાંશ

અહીં ઉદ્દેશોને સંક્ષેપમાં વર્ણવી, માહિતીસ્રોતોને ટૂંક પ્રસ્તાવતા સાથે રજૂ કરવામાં આવ્યા છે. માહિતી સ્રોતો અને માહિતી સાધનસામગ્રી આ બંને ખ્યાલોને વર્ણવવામાં આવ્યા છે. અને તે બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવામાં આવ્યો છે. એકમ-6માં પ્રલેખીય અને અપ્રલેખીય સ્રોતોને એક પછી એક ક્રમશઃ આપવામાં આવ્યા છે. પ્રલેખીય સ્રોતો અંતર્ગત નીચેના સ્રોતોની ચર્ચા કરવામાં આવી છે. પ્રબંધો, મોનોગ્રાફ, પાઠ્યપુસ્તકો, શબ્દકોશ, વિશ્વકોશ, હસ્તપુસ્તિકા, પરિચયપુસ્તિકા, હકીકતો આધારિત પુસ્તકો, સૂચિ, વાઙ્મયસૂચિ, ડિરેક્ટરી, વાર્ષિકીઓ, પંચાગ, જીવનચરિત્ર કોશ, નકશાપોથી, સ્થળવર્ણન કોશ, માર્ગદર્શિકાઓ, ઐતિહાસિક માહિતી સ્રોત, હસ્તપ્રતો, સામયિકો, એકસ્વાધિકાર, માનકો, મહાનિબંધ, સંમેલન પ્રલેખો, સ્મૃતિઅંકો, સન્માનગ્રંથો, અહેવાલ (તાંત્રિક, વહીવટી અને મુસાફરી), લેખો (લોકપ્રિય, તાંત્રિક, સંશોધન), રોજનીશી પત્રો, ઓફિસ ફાઈલ, સીડી રોમ, વિડિઓ રેકોર્ડીંગ, ડેટાબેઝ, કૉમ્પ્યૂટર ફાઇલ્સ, પ્રયોગશાળા નોંધપોથી, નકશા અને પૃથ્વીગોળો. બે પ્રકારના અપ્રલેખીય સ્રોતો છે. માનવીય અને સંસ્થાઓ/સંગઠનો. માનવીય અંતર્ગત નીચેનાની ચર્ચા કરવામાં આવી, સલાહકાર, નિષ્ણાતો, રીસોર્સ પર્સન, વિસ્તરણ કાર્યકરો, વેપારી પેઢીના પ્રતિનિધિઓ, તકનીકી પહેરગીરો, અદશ્ય કોલેજ અને સામાન્ય માણસ. સંસ્થાઓ અંતર્ગત નીચેનાનો ક્રમશઃ એક પછી એક કરવામાં આવેલ છે : આંતરરાષ્ટ્રીય સંગઠનો, સરકારી ખાતા અને વિભાગો, સંશોધન અને વિકાસની સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, મંડળો, પ્રકાશન ગૃહો, પ્રેસ, પ્રસારણ ગૃહો, ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો, સંગ્રહાલયો, દફતરખાતું, પ્રદર્શનો, વેપારી મેળાઓ, ડેટાબેઝ વેન્ડરો, માહિતી પૃથક્કરણ કેન્દ્રો અને નિર્દેશ કેન્દ્રો.

## 5.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(1) એવા સ્રોતો જેમાંથી આપણને માહિતી મળે છે તે માહિતી સ્રોતો છે. આ સ્રોતોમાં સંગઠનો અને માનવીય સ્રોતો પ્રલેખો છે. પ્રલેખોની બે બૃહદ શ્રેણીઓ છે : પ્રલેખીય અને બીનપ્રલેખીય સ્રોતો શબ્દકોશએ પ્રલેખીય સ્રોત છે અને નિષ્ણાંત અથવા વિશ્વવિદ્યાલય એ બીનપ્રલેખીય સ્રોતો છે.

(2) પ્રબંધ એ કોઇ ચોક્કસ વિષય પર લખાયેલ વિદ્વતા ભરેલું લખાણ છે. દાત. A Treatise on Heat by Saha and Srivastava. જેનો સંશોધકો, વિદ્વાનો, ભૌતિકશાસ્ત્રના અનુસ્નાતક અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ વગેરે ઉપયોગ કરે છે. તેનો સામાન્ય લોકો, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગ કરવામાં આવતો નથી. બીજી બાજુ મોનોગ્રાફ પણ કોઈ ચોક્કસ વિષય ઉપર લખાયેલ લખાણનો ભાગ છે. પરંતુ તે સરળ ભાષામાં લખાયેલ હોય છે. તેથી તેનો ઉપયોગ નિષ્ણાંતો, વિદ્યાર્થીઓ અને સામાન્ય માણસ પણ કરી શકાય છે.

(3) વિશ્વકોશ અને શબ્દકોશની જેમ સામાન્ય હસ્તપુસ્તિકાઓ હોતી નથી. હસ્તપુસ્તિકાઓ હંમેશા ચોક્કસ વિષય કે વિષયોને સમર્પિત હોય છે અને તે વ્યવસાયિકોને પ્રવીણતા મેળવવા તૈયાર કરવામાં આવેલી હોય છે. વ્યવસાયિકોના રોજબરોજના ઉપયોગમાં આવે તેવી માહિતીનો સમાવેશ હસ્તપુસ્તિકાઓમાં થયેલોં હોય છે. દાત. Machinery's Handbook કામકાજી યાંત્રિક ઇજનેરો, ડિઝાઇનરો, ઉત્પાદક ઇજનેરો, રૂપરેખા તૈયાર કરનાર વ્યક્તિ (ડ્રાફ્ટમેન), સાધનો બનાવનાર અને યંત્રો બનાવનાર વ્યક્તિ વગેરેને માટે તૈયાર કરવામાં આવેલા છે. આના લીધે તેમાં ગણિતશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, પદાર્થનું બળ, પદાર્થના ગુણધર્મો, માવજત અને પદાર્થની ચકાસણી, પરિમાણ, પ્રમાણભૂત માપ અને જથ્થો, સાધનો અને સાધન બનાવટ, યંત્ર સંચાલન, બનાવટની પ્રક્રિયા, કોઈ વસ્તુને જોડનાર વસ્તુ/પક્કડ, તાર અને તાર પરોવવાની પ્રક્રિયા, ઉચ્ચાલકો, Splines & Cams, યંત્રમાં ઘર્ષણ ઘટાડનાર ભાગ અને અન્ય યાંત્રિક ઘટક તત્ત્વો, અને માપન ઘટક જેવાં પ્રકરણોનો સમાવેશ કરેલો છે.

(4) The Middle and the North Africa 2005 એ પ્રાદેશિક વાર્ષિકી છે. પ્રાદેશિક વાર્ષિકીઓ સામાન્ય રીતે યુરોપા પબ્લીકેશન (Europa Publication) દ્વારા તે બહાર પાડવામાં આવે છે અને તે જે-તે પ્રદેશનું આર્થિક અને રાજકીય ચિત્રાંકન કરે છે અને દરેક દેશની પ્રાદેશિક રચનાનું વર્ણન કરવામાં આવેલું હોય છે. આમાં ભૌગોલિક, ઐતિહાસિક, આર્થિક,

આંકડાશાસ્ત્રીય સર્વેક્ષણ અને માર્ગદર્શિકા જેમાં બંધારણ, સરકાર, ધારાસભા, વિધાનસભા, રાજકીય સંગઠનો, આંતરરાષ્ટ્રીય રાજદૂતો/પ્રતિનિધિઓ, કાયદાકીય તંત્ર, ધર્મ, અખબાર-જગત પ્રકાશકો, રેડિયો અને ટેલિવિઝન, નાણું, વેપાર અને ઉદ્યોગો, વાહનવ્યવહાર, પ્રવાસ, અણુશક્તિ, સંરક્ષણ અને શિક્ષણ વગેરેની વિગતોનો સમાવેશ હોય છે.

(5) યાંત્રિક/ઔદ્યોગિક માનકોની કદ પરિમાણ માનકો, કામગીરી કે ગુણવત્તા માનકો, પરીક્ષણ પદ્ધતિ માનકો, ઉપયોગ માટેની પદ્ધતિ (Code of Practice); વ્યાખ્યાઓ, પરિભાષાઓ અને સંકેતો તરીકે ગણના થાય છે. કદ પરિમાણ માનકો વસ્તુની એકરૂપતા, આંતરિક અદલા-બદલી, પ્રકાર અને કદની વસ્તુની સરલીકરણ વગેરેને સરળતાથી સમજાય તેવા બનાવે છે. પરીક્ષણ પદ્ધતિ માનકો એ રાસાયણિક પૃથક્કરણ, પરીક્ષણો, રાસાયણિક મિશ્રણમાં મૂળભૂત ઘટકોનું મિશ્રણ વગેરેને સૂત્રના રૂપમાં રજૂ કરે છે.

(6) હા, સામાન્ય માણસ પણ માહિતી સ્રોત બની શકે છે. વસ્તી ગણતરી વખતે, ગણતરી કરનારા સામાન્ય માણસો પાસેથી તેના કુટુંબના સભ્યોની વિગતો જેવી કે તેમની લાયકાત, આવકના સ્રોત, કુટુંબનિયોજનના ફાયદાનું તેમણે કરેલું પાલન વગેરે માહિતી મેળવે છે. ગુનાની જાંચ તપાસ, અકસ્માત વખતે સામાન્ય માણસ, જો તે બનાવને નજરે જોનાર માણસ/સાક્ષી હોય તો માહિતી માટે તેનો સંપર્ક કરવામાં આવે છે.

## 5.6 ચાવીરૂપ શબ્દો

| | | |
|---|---|---|
| **પ્રલેખ (Document)** | : | લખાણનો છપાયેલો અથવા તો ઇલેક્ટ્રોનિક વિષયવસ્તુનો એક ટુકડો જે માહિતી પૂરી પાડે છે. અથવા સાક્ષી બને છે. અથવા તો તે સત્તાવાર નોંધ પૂરી પાડે છે. |
| **પ્રલેખીય સ્રોતો (Documentary Sources)** | : | એવા સ્રોતો જે પ્રલેખમાં સ્વરૂપમાં હોય. |
| **બીનપ્રલેખીય સ્રોતો (Non Documentary Sources)** | : | એવા સ્રોતો જે પ્રલેખ સ્વરૂપમાં ના હોય, દાત. સંસ્થાઓ/ સંગઠનો, વ્યક્તિઓ. |
| **પ્રાથમિક કક્ષાના સ્રોતો (Primary Sources)** | : | એવા સ્રોત જે મૂળભૂત પ્રદાન રજૂ કરે છે, માહિતી જે પ્રથમવાર પ્રસ્તુત થાય છે. જે દ્વિતીય સ્રોતો માટે આધાર બને છે. |
| **દ્વિતીય કક્ષાના સ્રોતો (Secondary Sources)** | : | એવા સ્રોત જે પ્રાથમિક કક્ષાના સ્રોતની સામગ્રીને આધારે પ્રકાશિત થાય છે. |
| **તૃતીય કક્ષાના સ્રોતો (Tertiary Sources)** | : | એવા સ્રોત જે દ્વિતીય કક્ષાની સ્રોત સામગ્રી આધારિત હોય અથવા તો પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના સ્રોતની ચાવીરૂપ હોય. |

## 5.7 સંદર્ભો અને વિશેષ વાચન [REFERENCES AND FURTHER READING]

Feather, J. and Sturges, P. (eds). (1997). International Encyclopedia of Library Information Science. 2nd ed. London : Routledge. pp. 263-64.

Grogan, D.J. (1992). Science and Technology : An Introduction to the Literature 4th ed. London : Clive Bingley.

Harrod's Librarians' Glossary (1995). 8th ed. Comp. by R. Prytherch. England : Gower.

Hornby, A.S. (2000). Oxford Advanced Learner's Dictionary of Current English 6th ed. by Sally Wehmeir. Oxford : University Press.

India 2001 : A Reference Annual. Delhi : Publications Division.

Internet 1. http://www.ccm.ua.edu/pdf[viewed on 18 March 2005]

Internet 2. Zagnoli, P. Communication and work. www.aedo-to.com/eng/library/research/communication.art.html.[viewed on 25 March 2005]

Katz, W.A. (1992). Introduction to Reference Work. 6th ed. New York : Mc Graw Hill. 2V.

Longman Dictionary of Contemporary English (1995). 3rd ed. Harlow : Longman.

Pearsall, J. (ed.) (1999). The Concise Oxford Dictionary. 10th ed. Oxford : Oxford University Press.

Thakur, R.S. (2004). A Study of the Telecast Media Libraries in India [Thesis]. Delhi : University of Delhi.

The Random House Dictionary of the English Language (1972). College ed. New Delhi : Allied Publishers.

Schneyman, A.H. (1985). Organizing Information Resources. Information Managment Review. 1(1), 34-45.

Webster's Seventh New Collegiate Dictionary (1966). Calcutta : Scientific